૨

# કથામંજુષા

## અંબડકથા



ंबमतीसविंतेगयारे।रायत्तणेदरबाररे।च
ायेऊभाछमताछेलाल।रागआलापेटैक

સમતા પ્રકાશન

☐ પરામર્શ સમિતિ ☐

પં. દલસુખભાઇ માલવણિયા | ડૉ. હરિવલ્લભ ભાયાણ
આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક | શ્રી જયંતભાઇ કોઠા
ડૉ. ચિમનલાલ ત્રિવેદી | શ્રી રામજીભાઈ શાહ

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. ૨૫-૦૦ |
| આજીવન | રૂ. ૩૦૦-૦૦ |
| પરદેશમાં વાર્ષિક લવાજમ | રૂ. ૬૦-૦૦ |
| આજીવન લવાજમ | રૂ. ૭૫૦-૦૦ |
| છૂટક નકલ | રૂ. ૩-૦૦ |

* લવાજમ વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બરનું ગણાશે. વર્ષમાં ગમે ત્યારે લવાજમ ભરી સભ્ય થઈ શકાશે પણ પુસ્તિકાઓ તો જાન્યુઆરીથી મોકલાશે લવાજમ ડિસેમ્બરમાં પૂરું થયેલું ગણાશે.

* વર્ષમાં બાર પુસ્તિકા પ્રગટ થશે.

વ્યવસ્થા/સંપર્ક : | સમતા પ્રકાશ

૦ સ્મિતા શાહ/ગીતા જૈન
૧૨, હીરા ભવન, વી. પી. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઇ ૮૦ [ફોન : ૩૭૫૭૫

૦ કલ્પના શેઠ
૭, રાધાકૃષ્ણ સોસાયટી, નારણપુરા અમદાવાદ ૧૩ [ફોન : ૪૪૫૭૩

# કથામંજૂષા

[ પુસ્તિકાશ્રેણી ]

[ પ્રાચીન-મધ્યકાલીન ભારતીય જૈન-જૈનેતર કથાસામગ્રીનું સંકલન-સંપાદન ]

## અંબડકથા

[ મુખ્યત્વે અમરસુંદરકૃત 'અંબડચરિત્ર'ને આધારે ]

સંપાદકો

ડૉ. કનુભાઈ વ્ર. શેઠ, એમ.એ., પીએચ.ડી.

ડૉ. ધનવંત તિ. શાહ, એમ.એ., પીએચ.ડી.

સમતા પ્રકાશન

અમદાવાદ-૩૮૦ ૦૧૩

પુસ્તિકા-શ્રેણી : ૨

પ્રકાશક : સમતા પ્રકાશન
૭, રાધાકૃષ્ણ સોસાયટી,
મીરાંબિકા હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩

© ડૉ. કનુભાઈ વ્ર. શેઠ, એમ.એ., પીએચ.ડી.
ડૉ. ધનવંત તિ. શાહ, એમ.એ., પીએચ.ડી.

મુખપૃષ્ઠ મુદ્રણ : એમ. વાડીલાલ એન્ડ કું. અમદાવાદ

મુખપૃષ્ઠ બ્લૉક : લા. દ. ભારતીય સંસ્કૃતિ
વિદ્યામંદિર, અમદાવાદના સૌજન્યથી

મુદ્રક : ઉમિયા પ્રિન્ટરી,
નારણપુરા,
અમદાવાદ ૩૮૦ ૦૧૩

ફેબ્રુઆરી, ૧૯૮૨

મૂલ્ય : ત્રણ રૂપિયા

પુસ્તિકા પ્રાપ્તિસ્થાન

**શ્રી ગીતા જૈન**
૧૨, હીરાભુવન, વી. પી. રોડ
મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦
ફોન : ૩૭૫૭૫૪

**શ્રી કલ્પના શેઠ**
૭, રાધાકૃષ્ણ સોસાયટી,
મીરાંબિકા હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩
ફોન : ૪૪૫૭૩૯

कहा-बंधे तं णत्थि जयम्मि जं कह वि चुक्कं ।

—कुवलयमाला

જગતમાં એવો કોઈ પદાર્થ નથી જેને
કથારચનામાં સ્થાન ન મળ્યું હોય.

અમરસુંદરકૃત

અંબડચરિત્ર

મૂળભાષા—સંસ્કૃત

રચના વર્ષ : ઈ. સ. ૧૪૦૦ આશરે

ઉપર આધારિત

# અંબડકથા

अथ धर्मोपरि अंबडक्षत्रियसंबंधः कथ्यते—अस्मिन् भरतक्षेत्रे श्रीवासनगरं, तत्र विक्रमसिंहो राजा राज्यं करोति...

—अमरसुंदरकृत—अंबडचरित्रम्

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પ્રકાશકીય | ૫ |
| ૨. | સંપાદકીય | ૭ |
| ૩. | અંબડકથા : પરંપરા અને મહત્ત્વ | ૯ |
| ૪. | અંબડકથા | ૧–૬૪ |

# પ્રકાશકીય

વિદ્વાન વાચકોના કરકમલમાં 'કથામંજૂષા' પુસ્તિકા–શ્રેણીના બીજા પુષ્પ રૂપે **અમરસુંદરકૃત 'અંબડચરિત્ર'** (ઈ. સ. ૧૪૦૦ આશરે) ઉપર આધારિત **'અંબડકથા'** સમર્પિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

પ્રસ્તુત પુસ્તિકા–શ્રેણીનું પ્રયોજન પ્રાચીન–મધ્યકાલીન ભારતીય સાહિત્યમાં મળી આવતી જૈન તથા જૈનેતર કથાસામગ્રીને સંશોધનાત્મક દૃષ્ટિએ પ્રગટ કરવાનું છે, જેથી આ રસપ્રદ સાહિત્યનો આસ્વાદ વ્યાપક વર્ગ લઈ શકે.

પ્રસ્તુત પુસ્તિકાશ્રેણીના સંપાદનની જવાબદારી સહર્ષ સ્વીકારવા બદલ બે વિદ્વાન સંપાદકો સર્વ શ્રી ડૉ. કનુભાઈ વ. શેઠ અને ડૉ. ધનવંત તિ. શાહના અમે આભારી છીએ.

અમારા પ્રકાશનકાર્યમાં માર્ગદર્શન અને મદદ કરનાર પરામર્શ-સમિતિનો આભાર માનતાં હર્ષ અનુભવીએ છીએ.

આવરણમાં પ્રગટ થયેલ રંગીન ચિત્રનો બ્લોક ઉદારભાવે અમને આપવા બદલ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના ટ્રસ્ટીમંડળનો, અને તેને સુંદર રીતે છાપી આપવા બદલ એમ. વાડીલાલ એન્ડ કું. અમદાવાદનો, પુસ્તિકાના છાપકામ–પ્રકાશન વગેરેના કાર્યમાં સક્રિય મદદ અને માર્ગદર્શન આપનાર શ્રી રામજીભાઈ શાહનો, પ્રૂફવાચન કરી આપવા બદલ મિત્ર શ્રી ત્રિકમભાઈ પટેલનો, સુઘડ અને ઝડપી છપાઈ કામ કરી આપવા બદલ ઉમિયા પ્રિન્ટરીના સંચાલક શ્રી દશરથભાઈ પટેલ તથા શ્રી પુરુષોત્તમભાઈ પટેલનો અત્રે આભાર માનીએ છીએ.

અમારા પ્રકાશનકાર્યમાં ઉદારભાવે સહભાગી થનાર જાહેર ખબર આપનારા અમારા સ્નેહી-મિત્રોનો આભાર માનતાં અમે હર્ષ અનુભવીએ છીએ. આશા છે કે અમારો આ પ્રયત્ન વિદ્વાન અને વાચકોને રુચિકર નીવડશે.

—સમતા પ્રકાશન

# સંપાદકીય

પ્રાચીન–મધ્યકાલીન ભારતીય સાહિત્યમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ જૈન તથા જૈનેતર કથાસામગ્રીમાંથી મોટા ભાગની સામગ્રી અપ્રગટ સ્વરૂપમાં સદીઓથી ગ્રંથભંડારોમાં હસ્તપ્રતો રૂપે પડી રહી છે. આ સામગ્રીનું વિવિધ દૃષ્ટિએ–જેમ કે, કથાદૃષ્ટિએ, ધર્મદૃષ્ટિએ, ભાવદૃષ્ટિએ–મહત્ત્વ હોઈને તેનો ઉદ્ધાર કરવાનું કામ અત્યંત આવશ્યક છે.

બીજી બાજુ, જે કૃતિઓ પ્રકાશિત છે, તે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી વગેરે ભાષામાં હોવાથી મોટા ભાગના લોકો ત્યાં સુધી ભાગ્યે જ પહોંચી શકે છે. ઉપરાંત એ કૃતિઓની શૈલી વર્ણનાત્મક અને પ્રસ્તારી હોઈને તે કારણે અત્યારની રુચિને થોડોક અંતરાય ઊભો કરે છે. આથી એ પ્રાચીન–મધ્યકાલીન કથાસામગ્રી મૂળને જ અનુસરીને, પરંતુ સરળ રસપ્રદ શૈલીમાં રજૂ કરવી જરૂરી છે. જેથી કરીને એ અનેક દૃષ્ટિએ રસપ્રદ અને બોધક સાહિત્યનો આસ્વાદ વ્યાપક વર્ગ લઈ શકે. પ્રસ્તુત પુસ્તિકા–શ્રેણીનું લક્ષ્ય, આમ, ઉક્ત સામગ્રીનું (૧) સંશોધનાત્મક દૃષ્ટિએ તથા (૨) લોક-રુચિની દૃષ્ટિએ, સંકલસંપાદન કરી પ્રગટ કરવાનું છે.

પ્રસ્તુત પ્રસ્તિકામાં ઉપર્યુક્ત પ્રયોજનને દૃષ્ટિમાં રાખીને લગભગ ૪૮ થી ૬૪ [ ક્રાઉન સાઈઝમાં ] પાનાંમાં સમાવેશ થાય એવી પ્રાચીન-મધ્યકાલીન કથાત્મક કૃતિઓને પ્રસ્તાવના, અધિકૃત વાચન, શબ્દકોશ વગેરે સહિત પ્રગટ કરવામાં આવશે તથા લોકરુચિને દૃષ્ટિમાં રાખી પ્રાચીન–મધ્યકાલીન કૃતિઓનો આસ્વાદ કરાવવા માટે કેટલીક કૃતિ-ઓને મૂળનું કથારૂપ જાળવીને સ-રસ અને સરળ શૈલીમાં રજૂ કરવામાં આવશે.

સામાન્યતઃ પુસ્તિકા ક્રમાંક એક, ત્રણ, પાંચ, સાત, નવ અને અગિયારમાં સંપાદિત મૂળ કૃતિઓ આપવામાં આવશે અને ક્રમાંક બે, ચાર, છ, આઠ, દશ અને બાર પુસ્તિકામાં પ્રકાશિત–અપ્રકાશિત કથા–કૃતિઓનું કથાનક આપવામાં આવશે.

અમારા સંપાદનકાર્યમાં માર્ગદર્શન આપવા બદલ પરામર્શ-સમિતિના સર્વ સભ્યોનો આભાર માનીએ છીએ. એમાંથી ખાસ આ પુસ્તિકાશ્રેણીના આયોજનથી આરંભી એના સંપાદન–સંકલન અને પ્રકાશનકાર્યમાં સક્રિય માર્ગદર્શન અને મદદ આપનાર ડૉ. હરિવલ્લભ ભાયાણીનો અત્રે આભાર માનીએ છીએ.

અમારા સંપાદન કાર્ય માટે હસ્તપ્રત સુલભ કરી આપવા બદલ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદનો અમે આભાર માનીએ છીએ. અમને 'કથામંજૂષા' પુસ્તિકા–શ્રેણીના સંપાદનકાર્યની જવાબદારી આપી, અમને તે દ્વારા પ્રાચીન–મધ્યકાલીન કથાકૃતિઓને પ્રકાશમાં લાવવાની તક આપવા બદલ અમે 'સમતા પ્રકાશન'નો આભાર માનીએ છીએ.

'કથામંજૂષા' પુસ્તિકા શ્રેણીના દ્વિતીય પુષ્પ તરીકે અમરસૂરિ કૃત 'अंबडचरित्र' [ઈ. સ. ૧૪૦૦ આશરે] ઉપર આધારિત 'અંબડકથા' આપવામાં આવી છે. આ સ-રસ કૃતિ વિદ્વાનો અને વાચકોને આસ્વાદ્ય બનશે એવી આશા છે.

કનુભાઈ શેઠ
ધનવંત શાહ
સંપાદકો

# અંબડકથા : પંરપરા અને મહત્ત્વ

પ્રાચીન–મધ્યકાલીન જૈન કથાસાહિત્યમાં 'અંબડકથા' અતિ મહત્ત્વની છે. આ કથાના બાહ્ય સ્વરૂપ પર તેના પુરોગામી કથાગ્રંથો–ગુણાઢ્યકૃત 'બૃહતકથા', સંઘદાસગણિકૃત 'વસુદેવહિંડી', બુધસ્વામીકૃત 'બૃહત્કથાશ્લોક-સંગ્રહ', સોમદેવકૃત 'કથાસરિત્સાગર', ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથામંજરી', હેમચન્દ્રાચાર્યકૃત, 'ત્રિષષ્ટિશલકાપુરુષચરિત્ર' વગેરે ગ્રંથોની વ્યાપક અસર જોવા મળે છે. જ્યારે તેરમા શતક પછી સંસ્કૃત કે પ્રાચીન–મધ્યકાલીન ગુજરાતી ભાષામાં રચાયેલ વિક્રમ વિષયક કથાગ્રંથો–'સિંહાસનબત્રીસી', 'વૈતાલપચીસી' અને 'પંચદંડછત્ર' પર આ અંબડકથાની વ્યાપક અસર છે.

લોકખ્યાત પરદુઃખભંજક વિક્રમ રાજાની જેમ જ અંબડ પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરી, પુરુષાર્થ કરી, ઘણાં સાહસ કરે છે અને 'વિદ્યાસિદ્ધ વીર અંબડ'નું અભિધાન પ્રાપ્ત કરે છે. એના તેજસ્વી ભવ્ય અને પ્રાણવાન વ્યક્તિત્વથી તે આપણા હૃદયમાં માન અને પ્રશંસાની ભાવના પેદા કરે છે.

સંસ્કૃતમાં આ કથા મુનિરત્નસૂરિ–વિરચિત ગદ્ય–પદ્ય કૃતિ 'અંબડચરિત્ર'માં[૧] (ઈ. સ. તેરમો શતક)માં જોવા મળે છે આ પછી સંસ્કૃત ગદ્યમાં અમરસૂરિકૃત 'અંબડચરિત્ર'[૨] (ઈ. સ. ૧૪૦૦ આશરે) જયમેરુકૃત 'અંબડચરિત્ર' (ઈ. સ. ૧૫૧૫ પૂર્વ) તથા વાચક હર્ષસમુદ્રકૃત 'અંબડચરિત્ર' (ઈ. સ. ૧૫૪૩)માં આ જ કથા સાંપડે છે.

---

૧. 'અંબડચરિત્રમ્' મુનિરત્નસૂરિ–વિરચિત. સંપા. મુનિ માનવિજય, ૧૯૨૮ (શ્રી સત્યવિજય ગ્રંથમાલા ગ્રંથાંક ૧૧)

૨. 'અંબડચરિત્ર'' અમરસુંદરકૃત, સંપા. પં. હીરાલાલ હંસરાજ) જામનગર ઇ. સ. ૧૯૧૦

પ્રાચીન–મધ્યકાલીન ગુજરાતી ભાષામાં પણ અંબડકથા નિરૂપતી ચારેક કૃતિઓ મળે છે. જેમકે, વિનયસમુદ્રકૃત 'અંબડચરિત્રરાસ' (ઈ. સ. ૧૫૪૩), ભાવપ્રભસૂરિકૃત 'અંબડચરિત્ર' (ઈ. સ. ૧૬૨૬ પૂર્વે), મંગલમાણિક્યકૃત 'અંબડવિદ્યાધરરાસ' (ઈ. સ. ૧૬૨૬) તથા રૂપચંદ્રકૃત 'અંબડચરિત્ર' (ઈ.સ. ૧૮૨૪). આમાંથી મંગલમાણિક્યના 'અંબડવિદ્યાધરરાસ'ને[3] આપણા એક મૂર્ધન્ય સાક્ષર સદ્દગત બ. ક. ઠાકોરે સંપાદિત કરી ૧૯૫૩માં પ્રસિદ્ધ કર્યો હતો એ હકીકત અંબડકથાની ઊંચી રસપ્રદતા પુરવાર કરે છે.

અત્રે પ્રાયઃ સંસ્કૃતગદ્યકૃતિ અમરસુંદરકૃત 'અંબડચરિત્ર'[4]ને અનુસરીને કથાનું આયોજન કર્યું છે.

---

૩. 'અંબડવિદ્યાધરરાસ', વાચક મંગલમાણિક્ય વિરચિત, સંપા. બ. ક. ઠાકોર, મુંબઈ ૧૯૫૩.

૪. આનો ડૉ. શાર્લોટ ક્રાઉઝે કરેલો અંગ્રેજી અનુવાદ 'Indische Novellen'માં લાઇપ્સિગથી ઇ. સ. ૧૯૨૨માં પ્રસિદ્ધ કરાયો છે.

# અંબડકથા

# અંબડકથા

જંબુદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં શ્રીવાસ નગરમાં રાજા વિક્રમસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તે ન્યાયી અને પરાક્રમી હતો.

એક દિવસ રાજા વિક્રમસિંહ રાજસભામાં બિરાજમાન હતો ત્રે વખતે કોઈ પરદેશી પુરુષ ત્યાં આવ્યો. રાજાએ તરત જ આગન્તુકને પૂછ્યું : 'તું કોણ છે? અને શા કારણે અહીં આવ્યો છે?'

પેલાએ પોતાના આગમનનું કારણ જણાવતાં કહ્યું : 'રાજન્, સાંભળો. ધનગિરિ પર્વત પર જ્યાં ગોરખયોગિની ધ્યાન ધરતી હતી તે ધ્યાન-કુંડલિકાની સમીપ એક ધનભંડાર રહેલો છે.'

રાજાએ આ સાંભળી તરત પ્રશ્ન કર્યો : 'એ ભંડારની વાત તેં કેવી રીતે જાણી?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં એણે કહ્યું : 'હું કુરબક નામનો ક્ષત્રિય છું, અંબડ ક્ષત્રિય મારા પિતા છે.' આમ કહી તે કુરબકે અંબડ ક્ષત્રિયનો જીવનવૃત્તાન્ત કહેવા માંડ્યો.

'મારા પિતા કરમસંજોગે જન્મથી જ નિર્ધન હતા. એમણે ધન કમાવા માટે તંત્રમંત્ર ઔષધ, અનુષ્ઠાન તથા પૃથ્વીનું પરિભ્રમણ કર્યું, છતાં પણ તેમને ધન મળ્યું નહીં.

ધન મેળવવાના ઈરાદાથી એક વખત મારા પિતા ફરતા ફરતા ધનગિરિ પર્વત પર ગોરખયોગિની પાસે પહોંચી ગયા. તેઓએ યોગિનીને પ્રણામ કર્યા અને તેમની નજીક બેસી ગયા. યોગિનીએ પૃચ્છા કરતાં અંબડે પોતાનો પરિચય આપ્યો અને જણાવ્યું : 'હે માતા, મારી મનોકામના પૂર્ણ કરો.'

યોગિનીએ કહ્યું : 'તારે શું જોઈએ છે ?'

મારા પિતાએ કહ્યું : 'મારે ધન જોઈએ છે ?'

ગોરખયોગિનીએ કહ્યું : 'પુત્ર, સાહસ અને પરાક્રમ વડે કોઈ પણ કાર્ય સિદ્ધ થાય છે. જો તું મારા આપેલા આદેશોનું પાલન કરી શકીશ, તો તારા સર્વ મનોરથ સિદ્ધ થશે.'

અંબડે કહ્યું : 'તમે જે આદેશ આપશો, તેમ હું કરીશ.'

એનું સાહસ જોઈને ગોરખયોગિનીએ પ્રથમ આદેશ આપ્યો.

### શતશર્કરા ફૂલની પ્રાપ્તિ અને ચંદ્રાવતી સાથે વિવાહ

આદેશ આપતાં ગોરખયોગિનીએ કહ્યું : 'વત્સ, અહીંથી પૂર્વ દિશામાં એક ગુણવદના નામની વાડી છે. તે વાડીમાં 'શતશર્કરા' નામનું વૃક્ષ છે. એ વૃક્ષનું ફળ મને લાવી આપ.'

ગોરખયોગિનીનો આદેશ માથે ચઢાવી અંબડ પૂર્વ દિશા તરફ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં સવાર પડી, તો તે કુંકમમંડળ નામના નગર સમીપ આવેલા સરોવર પાસે આવી પહોંચ્યો. ત્યાં તેણે પોતાના આશ્ચર્ય વચ્ચે જોયું કે, પુરુષો માથા પર ઘડા મૂકીને પાણી લાવી રહ્યા છે અને સ્ત્રીઓ

ઘોડા પર સવાર થઈને આમતેમ ફરે છે. આવો વિપરિત આચાર જોઈ તેણે એક પુરુષને આ અંગે પ્રશ્ન કર્યો, પણ તે પુરુષે તેને મૌન રહેવાનો ઈશારો કર્યો અને કહ્યું : 'જો આપણી વાતચીત કોઈ સ્ત્રી સાંભળી જશે તો કંઈક આફત ઊભી થશે.'

તેઓ આમ વાર્તાલાપ કરતા હતા તેવામાં ત્યાંથી એક છત્ર, ચામર વગેરે રાજચિહ્ન ધારણ કરેલી સ્ત્રીને પસાર થતી જોઈ. અંબડ આશ્ચર્યમાં પડેલો હતો, તેવામાં એક વૃદ્ધાએ અંબડને કહ્યું : 'તું તે પુરુષને શું પૂછે છે ? તું મારે ઘેર ચાલ. હું તને બધું જ જણાવીશ.'

આ સાંભળીને સાહસ કરી અંબડ તે વૃદ્ધાના ઘેર ગયો. તેણે તે વૈભવશાળી ભવનનાં વિશાલ પ્રાંગણમાં એક સ્વરૂપવાન નવયૌવનાને જોઈ. તે એકલી સૂર્ય, ચંદ્ર, મંગલ અને રાહુ નામના ચાર ગ્રહ–દડાઓથી રમી રહી હતી. એટલામાં પેલી વૃદ્ધાએ આવીને તેને કહ્યું : 'હે અંબડ, તું ગોરખયોગિની માટે શતશર્કરા વૃક્ષનું ફળ લેવા આવ્યો છે, તો જ્યાં સુધી એ ફળ તને ન મળે ત્યાં સુધી તું આ મારી પુત્રી જોડે દડાની રમત રમ.'

એટલામાં પેલી નવયૌવના ચંદ્રાવતીએ અંબડ પાસે આવીને કહ્યું : 'હે અંબડ, મારી સાથે આ દડો વડે રમો. આપણી રમતનો નિયમ–શરત એ છે કે દડા ઉછાળતાં કે પકડતાં જેના હાથમાંથી દડો પડી જશે તે હારેલું ગણાશે અને જે હારી જશે, તેણે જીતેલાની ચરણ–સેવા કરવી પડશે.'

અંબડે ચંદ્રાવતીનાં વચન–શરતનો સ્વીકાર કર્યો. ચંદ્રાવતી દડા ઉછાળવાની કળામાં અતિ પાવરધી હતી. જ્યારે

તે સૂર્ય-દડાને ઊંચે ઉછાળતી તે વખતે દિવસ જેવો પ્રકાશ ફેલાતો અને જ્યારે તે ચંદ્ર-દડો ઉછાળતી ત્યારે ચાંદની ફેલાઈ જતી. મંગળ અને રાહુ નામના દડાને ઊંચે ઉછાળતી ત્યારે ચારે તરફ સંધ્યા જેવો પ્રકાશ ફેલાઈ જતો. ચંદ્રાવતી ઘણા સમય સુધી આમ એક પછી એક દડાને ઊંચે ઉછાળતી રહી, છતાં એક પણ દડો પૃથ્વી પર પડ્યો નહીં. ઘણો સમય થઈ ગયો ત્યારે અંબડે કહ્યું: 'હવે મને દડો ઉછાળવા દો.' ચંદ્રાવતીએ ચારે દડા અંબડના હાથમાં પકડાવી દીધા.

અંબડે જેવો સૂર્યદડાને જોયો કે તરત જ તેના અસહ્ય પ્રકાશથી તેની આંખો અંજાઈ ગઈ અને તે મૂર્છા ખાઈને સૂર્યબિંબમાં જ પડી ગયો. ચંદ્રાવતીએ સૂર્યબિંબમાં પડેલા અંબડ સહિત સૂર્ય-દડાને સ્થિર કરી દીધો.

સૂર્યનો પુત્ર નાગડ સારથિ સૂર્યબિંબ સમીપ આવ્યો. તેણે મંડળ વચ્ચે બેભાન પડેલા પુરુષને જોયો, તો એને એના પર દયા આવી અને તેને જાગૃત કરવા અમૃત લેવા નાગડ ચંદ્રમંડલ તરફ દોડ્યો. પણ તેને આકાશમાં ચંદ્રમંડળ ન મળ્યું. પછી તેણે ચંદ્રની પત્ની રોહિણીને આ અંગે પૃચ્છા કરી ત્યારે રોહિણીએ રડતાં રડતાં કહ્યું: 'મારો પતિ ચંદ્રાવતીના ઘેર છે. તમે મારા આ દુઃખનું નિવારણ કરો.' નાગડે રોહિણીને આશ્વાસન આપ્યું અને ચંદ્રને છોડાવવા ચંદ્રાવતીના ઘર તરફ પ્રયાણ કર્યું.

નાગડને પોતાની તરફ આવતો જોઈને ચંદ્રાવતીએ તેને નાગપાશ-બાણ વડે બાંધી દીધો અને માતા ભદ્રા સાથે વાતો

કરવા લાગી. આ બાજુ નાગડની બેન 'સૂર્યદુષ્ટશૃંખલા'ને રોહિણી દ્વારા ખબર પડતાં તે પોતાના ભાઈ નાગડની શોધ કરતી કરતી ત્યાં આવી પહોંચી. પોતાના ભાઈને નાગપાશમાં બંધાયેલો જોઈ તેણે બાણનો પ્રયોગ કરી નાગડને બંધનમુક્ત કર્યો. મુક્ત થયેલો નાગડ વૈર લેવા ચંદ્રાવતી તરફ દોડયો. પણ ચંદ્રાવતીએ તરત જ સૂર્યની ગતિ રોકી દીધી. જ્ઞાનબળથી સૂર્યે બધી વાત જાણી લીધી એટલે એણે પુત્ર નાગડને સમજાવતાં કહ્યું : 'પુત્ર, તું ચંદ્રાવતીનો વિરોધ ન કર. ચંદ્રાવતી શક્તિરૂપી યોગિની છે.'

સૂર્યની આજ્ઞા માની નાગડ ત્યાંથી ચાલ્યો ગયો અને તેણે માયા–કુંડલિનીની આરાધના કરવાનું શરૂ કર્યું. આના પરિણામે તેને શક્તિ પ્રાપ્ત થઈ. એના વડે નાગડે ચંદ્રાવતીની માતા ભદ્રાને મારી નાખી. આમ બનતાં ચંદ્રાવતીના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા. એણે સૂર્યમંડલને મુક્ત કર્યું. ચંદ્રદેવને લાવીને રોહિણીને સોંપ્યો. નાગડે ચંદ્રમંડલમાંથી અમૃત લાવી સૂર્યમંડલમાં આવી બેભાન અંબડને પાયું એટલે તે સચેત થયો. સૂર્યે અંબડને વરદાન આપ્યું : 'વીર અંબડ, તું આજથી અનંગવિજેતા–કામવિજેતા બનીશ.' વળી સૂર્યે એને આકાશગામિની અને ઇન્દ્રજાલ નામની બે વિદ્યાઓ આપી પછીથી સૂર્યના વચનથી નાગડે શતશર્કરા ફળ લાવીને અંબડને આપ્યું.

નાગડે અંબડને ધરતી પર લાવીને મૂકી દીધો. અંબડે સૂર્ય દ્વારા અપાયેલી બે વિદ્યાઓ સિદ્ધ કરી. આ પછી અંબડ

ઈશ્વરનું-શિવનું રૂપ ધારણ કરી, ચાંદ્રાવતીના ઘેર આવ્યો. પોતાના ઘરના આંગણામાં સાક્ષાત્ શિવને આવેલા જાણી ચંદ્રાવતી ચકિત થઈ અને પાસે આવીને બોલી: 'પ્રભુ, આજ મારું ઘર પાવન થયું.' આમ તેણે ભક્તિપૂર્વક કહ્યું પણ શિવરૂપધારી અંબડે કોઈ જવાબ આપ્યો નહીં પણ તે રડવા લાગ્યો.

આ જોઈ નવાઈ પામેલી ચંદ્રાવતીએ પૂછ્યું: 'પ્રભુ, આપ તો વિશ્વના કર્તાહર્તા છો. આપને શું દુ:ખ છે કે તમે રડો છો?' ત્યારે શિવે કહ્યું: 'મારી પ્રાણપ્રિયા પાર્વતી મૃત્યુ પામી છે, એટલે હું રુદન કરું છું.' આ સાંભળી ચંદ્રાવતીએ કહ્યું: 'પ્રભુ, મારે લાયક કોઈ સેવા હોય તો જણાવો.' શિવે કહ્યું: 'તું મારી પ્રાણપ્રિયા થા.' ત્યારે ચંદ્રાવતીએ કહ્યું: 'પણ હું તો અપવિત્ર છું. આપ જેવા દેવને યોગ્ય કેવી રીતે ગણાઉં?'

શિવે કહ્યું: 'મારી સાથે રહીને તું પણ દેવી બની જઈશ.' આ પછી ચંદ્રાવતી શિવ સાથે પાણિગ્રહણ કરવા તૈયાર થઈ ગઈ. એટલે શિવરૂપધારી અંબડે કહ્યું: 'જો, હું જેમ કહું તેમ કરીશ તો તારો દેહ દેવરૂપ બની જશે. સર્વ પ્રથમ તું તારા મસ્તકના વાળ કપાવી નાખ. મેલાં-ઘેલાં, ફાટેલાંતૂટેલાં વસ્ત્ર ધારણ કર. મુખ પર મેંશ લગાડી ગધેડા પર સવારી કરીને તૈયાર રહેજે. બપોરે હું તને કૈલાસ લઈ જવા આવીશ.' આમ કહી શિવરૂપધારી અંબડ ત્યાથી વિદાય થયો. ચંદ્રાવતીએ પછીથી શિવે કહ્યું તેમ કર્યું. મસ્તક મુંડાવી, મોં કાળું કરી, ફાટેલાં કપડાં પહેરીને તે ગધેડા પર સવાર થઈ ગઈ અને શિવની રાહ જોવા લાગી.

પછી સમય થતાં શિવરૂપધારી અંબડ વૃષભ પર બેસી ત્યાં આવી પહોંચ્યો. બન્ને બહાર નીકળ્યાં. લોકોનો વિશાળ સમુદાય ચંદ્રાવતીને વિદાય કરવા આવ્યો હતો. તેઓ પરસ્પર વાતો કરતાં ચંદ્રાવતીના નસીબને વખાણી રહ્યાં હતાં. ચંદ્રાવતી કેટલી નસીબદાર છે કે શિવની અર્ધાંગિની બની કૈલાસ જઈ રહી છે. !'

લોકોના મુખે પોતાનાં વખાણ સાંભળીને તે અત્યંત આનંદ અનુભવતી હતી એટલામાં ભડકેલા ગધેડાએ ચંદ્રાવતીને નીચે પાડી નાખી અને તેને લાતો મારવા લાગ્યો. એટલે ચંદ્રાવતીએ શિવને કહ્યું: 'હે સ્વામી, લોકો સમક્ષ આવું ન કરો.' પણ એટલામાં તો શિવના વાહન વૃષભે પણ એને લાતોનો પ્રસાદ ચખાડયો. ચંદ્રાવતી રડવા લાગી. તેણે પાછળ ફરીને જોયું તો, ત્યાં શિવજી પણ ન હતા કે તેમનું વાહન વૃષભ પણ ન હતો. લોકો તેની મશ્કરી કરતાં બોલતાં હતાં: 'ચંદ્રાવતી, તું કંઈ બહુ જલદીથી કૈલાસથી પાછી ફરી?'

એટલામાં અંબડ પોતાના અસલ સ્વરૂપમાં ચંદ્રાવતી સામે હાજર થયો અને કહ્યું: 'હે ચંદ્રાવતી, મેં સૂર્યમંડળમાં જઈને વિજય મેળવ્યો છે.' આ સાંભળી ચંદ્રાવતીએ કહ્યું: 'તમે શા માટે તમારી જાતને છુપાવી? શું તમે ખરેખર ગધેડા છો?' અંબડે કહ્યું: 'હવે, તું મને ગમે તેમ ન બોલ, નહિ તો તારે વધારે સહન કરવું પડશે.'

આ સાંભળી ચંદ્રાવતી ભયથી મૌન થઈ ગઈ. પછીથી દડાની રમતમાં અંબડની જીત થઈ. એટલે અંબડે કહ્યું:

'ચંદ્રાવતી, કાં તો મારા ચરણની સેવા કર અથવા મારી સાથે લગ્ન કર.' ચંદ્રાવતીએ અંબડ જોડે લગ્ન કરવાનું સ્વીકાર્યું. અને બંનેનાં લગ્ન થઈ ગયાં.

અંબડે ચંદ્રાવતીને પૂછ્યું : 'આ નગરમાં પુરુષો કામ કરે છે અને સ્ત્રીઓ તેના પર હુકમ ચલાવે છે. આવી ઊલટી રીત કેમ છે?'

ચંદ્રાવતીએ કહ્યું : 'હે સ્વામી! આ નગર મેં જ મારી શક્તિથી વસાવ્યું છે. એટલે લોકપરંપરા વિરુદ્ધ અહીં જે કાંઈ થાય છે તે મારી શક્તિનો જ ચમત્કાર છે.'

આ સાંભળી અંબડે પૂછ્યું : 'હે પ્રિયે, તું કઈ કઈ વિદ્યાઓ જાણે છે?'

અંબડના પૂછવાથી ચંદ્રાવતીએ જણાવ્યું : 'હે સ્વામી! હું આકાશગામિની, ચિંતિતગામિની, સ્વરૂપ-પરાવર્તિની અને આકર્ષણી—એમ ચાર વિદ્યાઓ જાણું છું. હવે આ ચારે વિદ્યાઓ આપને સમર્પણ કરું છું.'

આ પછી અંબડે ચંદ્રાવતી પાસેથી પેલી ચાર વિદ્યાઓ જાણી લઈ પોતે સિદ્ધ કરી લીધી

અંબડ થોડા દિવસ ચંદ્રાવતી સાથે સુખ ભોગવતો ત્યાં રહ્યો. પછીથી અંબડ ચંદ્રાવતી સાથે સોનું, રત્ન વગેરે લઈને પોતાના નગર રથનૂપુર આવ્યો.

કેટલાક દિવસ પછી અંબડ ચંદ્રાવતી અને શતશર્કરા ફળ લઈને ગોરખયોગિની પાસે ધનગિરિ પર આવ્યો. ગોરખ-યોગિનીને વંદન કરી અંબડે શતશર્કરા ફળ ભેટ આપ્યું

અને ગોરખયોગિનીની પ્રશંસા પ્રાપ્ત કરી. પછીથી અંબડ ચંદ્રાવતી સાથે રથનૂપુર પાછો ફર્યો.

### આંધારિકા અપહરણ

થોડા દિવસ બાદ અંબડે ગોરખયોગિની પાસે જઈને પ્રણામ કરી બીજો આદેશ આપવા જણાવ્યું.

બીજો આદેશ આપતાં યોગિનીએ કહ્યું : 'વત્સ, સાંભળ; દક્ષિણ દિશામાં સમુદ્ર વચ્ચે એક હરિછત્ર નામનો દ્વીપ છે. ત્યાં કમલકાંચન યોગી નિવાસ કરે છે. તે યોગીની પુત્રીનું નામ આંધારિકા છે, તું એ આંધારિકાને લઈ આવ'.

આદેશ મળતાં જ અંબડ ગગનગામિની વિદ્યા વડે આકાશમાર્ગે દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યો. થોડા જ સમયમાં જ તે હરિછત્ર દ્વીપમાં આવી પહોંચ્યો. પછી તે ત્યાં આવેલા વન તરફ આગળ વધ્યો. એટલામાં કોઈ પુરુષ તેની સામે આવી કહેવા લાગ્યો : 'હે અંબડ, બહુ દિવસ પછી તું અહીં આવ્યો.' આ સાંભળીને આશ્ચર્યમાં પડેલા અંબડે એને પૂછ્યું : 'હું અહીં કમલકાંચન યોગીને મળવા આવ્યો છું.'

પેલાએ કહ્યું : 'હું પોતે જ કમલકાંચન યોગી છું.' તે સમયે કમલકાંચનની આન્ધારિકા નામની પુત્રીના રુદનનો સ્વર સંભળાયો. એટલે યોગીએ કહ્યું : 'હે બેટી, તું શા માટે રડે છે?' ત્યારે તેણે કહ્યું : 'આ ધૂર્ત મારું હરણ કરી મને લઈ જશે.' ત્યારે યોગીએ કહ્યું : 'બેટી, મારી હાજરીમાં કોઈ તારું અપહરણ કરી શકે નહીં.'

આ સાંભળી અંબડ ખૂબ ચમકી ગયો. કમલકાંચન યોગીએ આ પછી અંબડને પૂછ્યું: 'શું ગોરખયોગિનીએ તને મોકલ્યો છે?' અંબડે આ વાતનો સ્વીકાર કર્યો. યોગીએ પોતાના એક સેવક દ્વારા અંબડને પોતાના ઘેર મોકલી દીધો.

ત્યાં યોગીની કાગી અને નાગી નામની બે પત્નીઓએ ગોરખયોગિનીના કુશલ સમાચાર પૂછ્યા અને પછી અંબડને ભોજન કરાવ્યું.

ભોજન કર્યા પછી અંબડ કૂકડો બની ગયો. પછી તે જ વખતે કાગી–નાગી બિલાડીઓ બની ગઈ અને કૂકડારૂપી અંબડને પંજાના પ્રહાર કરી કરીને ત્રાસ આપવા લાગી. તે વખતે યોગી કમલકાંચન પણ આવ્યો. કૂકડારૂપી અંબડને સંબોધીને બોલ્યો: 'તું મારી પુત્રી આન્ધારિકાનું અપહરણ કરવા માટે અત્રે આવ્યો હતો, માટે તેનું ફળ ભોગવ.' અંબડ કૂકડાના રૂપમાં જ ત્યાં દુ:ખી થઈને રહ્યો.

એક દિવસે કમલકાંચન યોગીએ કાગી–નાગીને કહ્યું: 'આ કૂડડાને જંગલમાં જ છોડી મૂકો.' તે સાંભળીને તે બન્નેએ અંબડને જંગલમાં જઈને છોડી મૂક્યો. એટલે અંબડ કૂકડા-રૂપે જ વનમાં ફરવા લાગ્યો.

એક દિવસ તે પાણી પીવા માટે ફરતો ફરતો એક વાવ નજીક આવી પહોંચ્યો. વાવનું પાણી પીને તેણે પોતાની તરસ છિપાવી. પણ જેવો તે વાવની બહાર નીકળ્યો કે તે પહેલાંના જેવા જ માણસ રૂપમાં બદલાઈ ગયો. હવે પ્રસન્ન થઈ વનમાં આમતેમ ફરવા લાગ્યો.

એક સમયે રાત્રે તેણે કોઈ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળ્યો. જે દિશામાંથી રડવાનો અવાજ આવતો હતો તે દિશામાં જઈ તે સ્ત્રી પાસે પહોંચી ગયો અને પૂછ્યું: 'હે સુલોચના, તું શા માટે રડી રહી છે?'

તે સ્ત્રીએ પોતાનો વૃત્તાન્ત જણાવતાં કહ્યું: 'રોલગપુર નામના નગરમાં રાજા હંસ અને તેની રાણી શ્રીમતી છે. તેઓની હું રાજહંસી નામની પુત્રી છું. યૌવનમાં આવતાં મારા પિતાએ મારાં લગ્ન રાજકુમાર હરિચન્દ્ર સાથે નક્કી કર્યાં. આથી હરિચન્દ્ર લગ્ન કરવા રોલગપુર આવ્યો. તે સજ્જ થઈને મંડપમાં આવ્યો. હું પણ સોળ શૃંગાર કરીને ત્યાં આવી પહોંચી. તે વખતે મેં સૂર્યદેવને આપેલી કંચુકી પહેરી હતી. હસ્તમેળાપના સમયે કોઈ દુષ્ટ મારી કંચુકી લેવાના હેતુથી, મને લઈને આકાશમાં ઊડી ગયો. તેણે મારી કંચુકી ઝૂંટવી લેવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ તે મારી કંચુકી ઝૂંટવી શક્યો નહીં. એટલે નિરાશ થઈને તે મને આ જંગલમાં ફેંકી દઈ ક્યાંક અદૃશ્ય થઈ ગયો છે. ખબર નહીં, તે ક્યારે અહીં આવી ચડે અને મને હેરાન કરે, એટલે હું રડું છું".

પછી અંબડે રાજહંસીને પૂછ્યું: 'તમે આ સૂર્યદત્ત કંચુકી કેવી રીતે મેળવી?'

અંબડના પ્રશ્નનો ઉત્તર આપતાં, રાજકુમારી રાજહંસીએ કંચુકી પ્રાપ્તિનો વૃત્તાન્ત જણાવતાં કહ્યું: 'મારી બાલ્યાવસ્થા પૂર્ણ થતાં મને મારા પિતાએ વિદ્યાભ્યાસ માટે સરસ્વતી નામની પંડિતા પાસે મોકલી. તે દરરોજ મને

વિદ્યાભ્યાસ કરાવતી મારી સાથે બીજી સાત કન્યાઓ પણ અભ્યાસ કરવા એને ત્યાં આવતી હતી.

એક દિવસ અમે બધી કુમારિકાઓ પાઠશાળામાં નિદ્રાધીન હતી ત્યારે મધરાત્રે સરસ્વતી પંડિતાએ ધરતી પર એક મંડલ બનાવ્યું. પછીથી તેના વડે આહ્‌વાન કરવાથી ચોસઠ જોગણીઓએ મંડલમાં આવી ક્રીડા કરવા લાગી.

સરસ્વતી પંડિતાએ તેમની પાસે સિદ્ધિની માગણી કરી, ત્યારે જોગણીઓ એ કહ્યું: 'પહેલાં તું પિંડદાન કર પછી અમે તને સિદ્ધિ આપીશું.'

તે સાંભળી સરસ્વતી પંડિતાએ અમારા તરફથી ઈશારો કરી કહ્યું: 'આ આઠ કન્યાઓ તમને પિંડ આપવાના હેતુથી લાવવામાં આવી છે. આપ પિંડ આપવાની વિધિ બતાવો. કયા દિવસે આ પિંડદાન કરવાનું છે?'

આ સાંભળી જોગણીઓએ કહ્યું: 'હે સરસ્વતી, આવતી કાળી ચૌદશ અને રવિવારના દિવસે બપોરે આ આઠે કન્યાઓને નૈવેદ્ય સાથે અમને અર્પણ કરજે.' આમ કહી બધી જોગણીઓ પોતાને સ્થાને પાછી ગઈ. આ સર્વ વૃત્તાન્ત અમે પ્રછન્નપણે જોયો અને સાંભળ્યો એટલે અમે મરણના ભયથી ડરી ગઈ. અમે આઠે સખીઓ સાથે મળીને એમાંથી બચવાના ઉપાયનો વિચાર કરવા લાગી. મેં મારી સખીઓને કહ્યું કે, 'આપણે મારા પિતા રાજહંસ પાસે જઈને બધી વાત જણાવી દેવી જોઈએ. પછીથી સૂર્ય-આરાધના કરીને આમાંથી બચવાની શક્તિ પ્રાપ્ત કરવી જોઈએ.' બધી સખીઓએ મારા સૂચનનો સ્વીકાર કર્યો.

પછી રાજમારીએ બધી બાબત પોતાના પિતાને જણાવી. આ બધું સાંભળ્યા પછી ગુસ્સે થએલા રાજાએ સરસ્વતી પંડિતાનો વધ કરવાનો પોતાના સેવકને આદેશ આપ્યો. પણ રાજકુમારીએ રાજહંસને તેમ કરતાં અટકાવ્યો અને કહ્યું : 'આ બ્રાહ્મણી ખૂબ ક્રૂર લાગે છે, તો કંઈક ઉપાય કરવો પડશે.'

ત્યારે ભયભીત થયેલા રાજાએ કહ્યું : 'હે પુત્રી, તું શું કરવા માગે છે તે મને કહે.'

તેણે કહ્યું : 'હે પિતાજી, અમે સૂર્યની આરાધના કરીશું. તેમની કૃપાથી ચોક્કસ અમારો બચાવ થશે.'

ત્યારે રાજાએ કહ્યું : 'તો તે જલદીથી શરૂ કરી દો.'

તે પછી અમે સૂર્યદેવની આરાધના કરી. આરાધનાથી પ્રસન્ન થયેલા સૂર્યદેવે અમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને મને કંચુકી આપી અને મારી સાતે સખીઓને એક એક ગુટિકા આપી. અને કહ્યું : 'જ્યારે તે પંડિતા જોગણીઓએ આપેલી સાડી પહેરે ત્યારે તું આ કંચુકી પહેરજે અને બાકીની તારી સાત સખીઓ આ ગુટિકા પોતપોતાના મુખમાં રાખે. આમ કરવાથી તમારા બધાનું રક્ષણ થશે અને સરસ્વતી પંડિતા આપોઆપ મૃત્યુ પામશે.' આટલું કહીને સૂર્યદેવ અદશ્ય થઈ ગયા. અમે રોજની માફક અભ્યાસમાં મગ્ન થઈ ગઈ. કોઈને કાંઈ ખબર પડી નહીં.

કેટલાક દિવસો પછી સરસ્વતી પંડિતાએ અમને કહ્યું : 'હે બાલિકાઓ, જાણવા મળ્યું છે કે, તમારા બધા પર કોઈ

ભારે આફત આવવાની છે. જો તમે ઇચ્છો તો હું તે આફત દૂર કરી શકું તેમ છું.'

તે સાંભળી અમે કહ્યું : 'અરે, અમારું રક્ષણ કરનાર તમારા વગર બીજું કોણ છે? તો અમારું રક્ષણ કરો.'

આ સાંભળી ખુશ થયેલી તેણે કહ્યું : 'આજે રવિવારનો દિવસ છે. બપોરના સમયે તમે બધાં મારે ઘેર આવજો. તમારું સંકટ ટાળવા હું ખાસ વિધિ કરીશ.'

પછી નક્કી થયેલા સમયે અમે આઠે સખીઓ તેને ઘેર પહોંચી ગઈ. ત્યાં જઈને અમે જોયું કે પંડિતાએ આઠ 'મંડલ' બનાવ્યાં હતાં. તે દરેકમાં અમને એક એકને બેસાડી દીધી. ધૂપ-દીપ, નૈવેદ્ય વગેરે વડે પૂજા કર્યા પછી પંડિતા ઘરની અંદર ગઈ. આ સમયનો લાભ લઈને મેં કંચુકી પહેરી લીધી અને મારી સખીઓએ પોતપોતાના મુખમાં ગુટિકાઓ મૂકી દીધી.

થોડીવાર પછી પંડિતા સાડી પહેરી બહાર આવી. તે વખતે અમે બધાંયે મળી તેની સાડી ખેંચી કાઢી. એટલે તે ત્યાં જ મૃત્યુ પામી. લોકોએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમણે અભિનંદન આપ્યા. આ પ્રમાણે મેં કંચુકી મેળવી હતી એમ કહી રાજહંસી ફરીથી રડવા લાગી.

અંબડે 'હે સુભગે, તું રડ નહીં. હું તને મદદ કરીશ.' કહી પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. અંબડનું દેવસ્વરૂપ જોઈને તેણે વિચાર્યું : 'ખરેખર, આ કોઈ સામાન્ય પુરુષ નથી. વિદ્યાબળવાળો લાગે છે.' એટલે રાજહંસીએ એને મનમાં ને

મનમાં પસંદ કરી લીધો. એણે અંબડને પોતાની ઇચ્છા દર્શાવી. અંબડે પણ એનું પાણિગ્રહણ કર્યું અને ત્યાં જ તેની સાથે સુખથી રહેવા લાગ્યો.

એક દિવસ એવું બન્યું કે, રાજહંસીએ અજાણતાં કોઈ એક ઝાડનું ફળ ખાઈ લીધું. ફળ ખાતાં જ તે ગધેડી બની ગઈ અને ભૂંકવા લાગી. રાજકુમારીને ગધેડીના રૂપમાં જોઈને અંબડ તરત જ તેને પેલી વાવ કે જેનું પાણી પીને તે કૂકડા-માંથી માનવ બન્યો હતો તેની પાસે લઈ ગયો. અંબડે જાતે જ ગધેડીને વાવનું પાણી પીવડાવ્યું એટલે તે તરત જ પોતાના અસલ રૂપમાં આવી ગઈ.

રાજહંસીએ અંબડને આ વાવના જલપ્રભાવ અંગે પૃચ્છા કરતાં તેણે પૂર્વનો સર્વવૃત્તાન્ત જણાવ્યો. પછીથી રાજહંસીએ તે રૂપ–પરાવર્તનકારી વૃક્ષનાં ફળો અંબડને બતાવ્યાં. અંબડે થોડાં ફળ તોડી પોતાની પાસે રાખી લીધાં.

અંબડે રાજહંસીને પૂછ્યું : 'હે પ્રિયે, પેલી જોગણીઓએ આપેલી સાડી કયાં છે ?'

રાજહંસીએ કહ્યું : 'તે રોલગપુરમાં છે.'

તે સાંભળી અંબડે કહ્યું : 'આપણે તે નગરમાં જઈને એ સાડી લઈશું.'

તે પછી અંબડ ગગનગામિની વિદ્યાના પ્રભાવે રાજ-હંસીને લઈને રોલગપુર આવ્યો. અંબડ નગર બહાર આવેલા બગીચામાં રોકાયો અને રાજહંસી પોતાના પિતાના મહેલમાં ગઈ.

રાજા હંસરાજા અને રાણી શ્રીમતી પોતાની પુત્રીને આવેલી જોઈ અત્યંત ખુશી થઈ ગયાં. રાજાએ પૂછ્યું: 'તને કોણ હરી ગયું હતું?' એટલે રાજકુમારી રાજહંસીએ આરંભથી અંત સુધી સમસ્ત વૃત્તાન્ત કહી સંભળાવ્યો. એટલે રાજા હંસ બગીચામાં જઈ અંબડને મળ્યા અને ધામધૂમથી અંબડનો નગરપ્રવેશ કરાવ્યો અને ઠાઠમાઠથી રાજહંસીનું લગ્ન અંબડ જોડે કરાવ્યું. વળી, પોતાનું અડધું રાજ્ય પણ અંબડને આપ્યું. પેલી સાત સખીઓનું લગ્ન પણ અંબડ સાથે થયું. પોતાની આઠે પત્નીઓ સાથે આનંદ કરતો અંબડ થોડા દિવસ ત્યાં જ રહ્યો.

એક દિવસ અંબડે સેના સાથે પોતાના નગર પ્રતિ પ્રયાણ કર્યું. થોડે ગયા પછી અંબડ એકલો ગગનમાર્ગે પેલા વનમાં ગયો અને પેલી વાવનું પાણી અને રૂપ પરાવર્તન-કારી વૃક્ષનાં ફળો લઈને હરિછત્ર દ્વીપ પહોંચી ગયો.

હરિછત્ર દ્વીપમાં જઈને અંબડે કમલકાંચન યોગીનું રૂપ ધારણ કર્યું અને સીધો યોગીના ઘેર કાગી–નાગી સમીપ પહોંચી ગયો કાગી–નાગી પાસે જઈને અંબડે કહ્યું: 'આ શાક લો અને તેને સમારીને તરત તૈયાર કરો. મારે હમણાં જ ભોજન કરવું છે. અંબડે શાક સાથે રૂપ–પરાવર્તનકારી ફળ ભેળવી દીધું. અંબડ ત્યાંથી કાગીનું રૂપ બનાવીને કમલ-કાંચન યોગી પાસે એની ઝૂંપડીએ ગયો અને કૃત્રિમ સ્નેહ બતાવીને કહેવા લાગ્યો: 'હે સ્વામી, જલદી ઘેર ચાલો. શાક વગેરે સહિત મેં ભોજન તૈયાર કર્યું છે.'

પોતાની પત્નીનાં સ્નેહપૂર્ણ વચન સાંભળીને કમલ-કાંચન યોગી પોતાના ગૃહે આવ્યો. હવે ઝૂંપડીમાં એકલી આન્ધારિકા જ હતી. તેને ઉઠાવી અંબડ ત્યાંથી ચાલવા માંડ્યો. એને લઈને એ પોતાના સૈન્યમાં આવ્યો. આન્ધારિકાને રાજહંસીને સોંપીને ફરીથી પોતાના અસલ સ્વરૂપમાં કમલ-કાંચનને ઘેર આવ્યો. ત્યાં તેણે જોયું કે, એક ગધેડો અને બે ગધેડીઓ એકબીજાને લાતો મારતાં હતાં અને મોટેથી ભૂંકતાં હતાં. આસપાસનાં લોકો આશ્ચર્ય પામી આ તમાશો જોઈ રહ્યાં હતાં.

આ પછી અંબડે તે ત્રણને કહ્યું : 'કેમ ? હવે ફરીથી અંબડને કૂકડો બનાવશો ?' આમ કહી તેણે ત્રણેને મારવાનું શરૂ કર્યું. કમલકાંચન યોગીને કહ્યું : 'હે કમલકાંચન, તારી પુત્રી ક્યાં ગઈ ? હું તેનું અપહરણ કરીને લઈ જાઉં છું.' આટલું કહીને અંબડે ફરી પાછાં તે ત્રણેને ખૂબ ટીપી નાખ્યાં. પછી લોકોના કહેવાથી અંબડે તેમને વાવનું પાણી પિવડાવીને ફરીથી માણસ બનાવી દીધાં.

અંબડ ત્યાંથી ફરી પાછો આન્ધારિકાને લઈને પોતાના સૈન્ય સાથે થઈ ગયો અને પ્રયાણ કરી પોતાના નગરે આવ્યો. પછી ગોરખયોગિની પાસે જઈને અંબડે આન્ધારિકાને તેને સોંપી દીધી.

ગોરખયોગિની અંબડના આ કાર્યથી ખૂબ ખુશ થઈ. તેણે અંબડને કહ્યું : 'હે વીર, તેં આ કઠિન કાર્ય પાર પાડ્યું છે. આવું કાર્ય બીજો કોઈ કરી શકે નહીં.'

યોગિનીને પ્રણામ કરીને અંબડ પોતાના ઘેર આવ્યો. અને પોતાની પત્નીઓ સાથે આનંદથી રહેવા લાગ્યો.

### શિવપ્રદત્ત રત્નમાલાની પ્રાપ્તિ

થોડા સમય પછી એક દિવસ અંબડ ફરી પાછો ગોરખ-યોગિની પાસે પહોંચી ગયો. પ્રણામ કરી તેણે ત્રીજા આદેશની માગણી કરી.

ગોરખયોગિનીએ કહ્યું : 'અંબડ, સિંહલદ્વીપમાં સોમચંદ નામનો રાજા રાજ્ય કરે છે. તેની રાણીનું નામ ચંદ્રાવતી છે. તેમને ચંદ્રયશા નામે પુત્રી છે. તે રાજાના ભંડારમાં એક રત્ન-માલા છે. તું એ રત્નમાલા લઈ આવ.'

યોગિનીનો આદેશ મળતાં જ અંબડ સિંહલદ્વીપ તરફ ચાલ્યો. કેટલાક દિવસે તે સિંહલદ્વીપ આવી પહોંચ્યો. ત્યાં તે એક બગીચામાં વિશ્રામ કરવા રોકાયો અને રાજમહેલમાં પ્રવેશવાની યુક્તિ વિચારવા લાગ્યો. અચાનક તેણે એક યુવતીને ત્યાં જોઈ. એના મસ્તક પર એક બગીચો લહેરાતો હતો. આ જોઈ અંબડ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.

એટલામાં તે નવયૌવના એની નજીક આવી પહોંચી. અંબડે અનુમાન કર્યું કે, આ રાજા સોમચંદ્રની પુત્રી ચન્દ્ર-યશા લાગે છે. એટલે તેણે બૂમ પાડીને કહ્યું : 'રાજકુમારી ચંદ્ર યશા, તું કયાંથી અહીં આવી છે?'

નવયૌવનાએ કહ્યું : 'તમે કોઈ અજાણ્યા પરદેશી લાગો છો તેથી મને ચન્દ્રયશા કહીને બોલાવો છો. હું તો ચન્દ્રયશા

રાજકુમારીની સખી છું અને પ્રધાન વૈરોચનની રાજલદેવી નામે પુત્રી છું.'

અંબડે તેને પૂછ્યું : 'હે સુલોચના, તારા માથા પર આ બગીચો કેમ છે? હું એનું રહસ્ય જાણવા માગું છું.'

એટલે રાજલદેવી અંબડને કહેવા લાગી. : 'એક વખત હું મારી સખી રાજકુમારી ચન્દ્રયશા સાથે વનમાં ક્રીડા કરવા ગઈ હતી. ત્યાં અમે વનમાં એક ડોશીને જોઈ ડરી ગયાં. ડોશી અમારી નજીક આવી અને બોલી : 'હે પુત્રીઓ, તમે ક્યાં જાઓ છો?' અમે કહ્યું : 'અમે તો આપને નમસ્કાર કરવા જ અહીં આવ્યાં છીએ.' પ્રસન્ન થઈ ડોશીએ કહ્યું : 'તમે મારી સાથે આવો તો હું તમને સાક્ષાત્ શિવનાં દર્શન કરાવીશ.'

અમે કહ્યું : 'અમે તેની પાસે કેવી રીતે જઈ શકીએ?' એટલે ડોશીએ કહ્યું : 'હું કૈલાસપર્વત પર રહેતાં શિવ-પાર્વતીની પ્રતિહારી છું. હું મારી શક્તિ વડે તમને બંનેને તેમની પાસે પહોંચાડી દઈશ.'

ને ડોશી અમને શિવલોકમાં લઈ ગઈ. અમે શિવ-પાર્વતીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. શિવે અમારા અંગે તે ડોશીને પૂછ્યું. એટલે ડોશીએ જણાવ્યું : 'આ બન્ને આપનાં દર્શન કરવા આવી છે.'

શિવજી આ સાંભળી અમારા પર ખૂબ પ્રસન્ન થઈ ગયા. તેમણે રાજકુમારી ચન્દ્રયશાના ગળામાં એક 'રત્નમાલા' આરોપી દીધી અને મને કૂર્મદંડ આપ્યો. એનો મહિમા સમજાવતાં શિવજીએ કહ્યું : 'રત્નમાલાને ધારણ કરનાર પોતાની

ઇચ્છા મુજબ રૂપ ધારણ કરી શકે છે અને સર્વત્ર એનો જય થાય છે. કૂર્મદંડ ધારણ કરનારના સર્વ શત્રુઓ અને રોગો નાશ પામે છે.'

અમે શિવજીને વિનંતિ કરી કે, અમે નિત્ય આપનાં દર્શન કરવા માગીએ છીએ, તેથી એવી કોઈ વસ્તુ આપો.'

અમારી માગણી પૂર્ણ કરવા શિવજીએ અમને એક દિવ્ય ત્રિદંડ વૃક્ષ આપ્યું અને તેને આકાશમાં ઉડાડી, તેની ઉપર બેસી દરરોજ આકાશમાર્ગે અત્રે આવીને એમનાં દર્શન કરવા જણાવ્યું. પછી અમે બે સખીઓ પેલી ડોશી સાથે ધરતી પર આવી ગઈ. ત્યારથી અમે દરરોજ મંત્રબળ વડે આ વૃક્ષ પર બેસીને આકાશમાર્ગે શિવજીનાં દર્શન કરવા જઈએ છીએ."

અંબડને આ વાત સાંભળી આશ્ચર્ય થયું. પણ ફરીથી એણે રાજલદેવીને એના મસ્તક પર રહેલા બગીચા વિશે પૃચ્છા કરી.

રાજલદેવીએ એનું રહસ્ય જણાવતાં કહ્યું : 'એક વખત અમે વૃક્ષ પર બેસીને આકાશમાર્ગે કૈલાસ જતાં હતાં તે વખતે અમને જોઈને સૂર્યને શંકા થઈ કે, શું આ મને ગળવા તો નથી આવતીને? પણ જ્યારે અમે સૂર્ય સમીપ પહોંચ્યાં ત્યારે અમને માનવ-રૂપમાં જોઈ સૂર્યની શંકા દૂર થઈ ગઈ. તેણે અમારી બાબતમાં પૃચ્છા કરતાં અમે બધું જ જણાવી દીધું.'

'અમે બે શિવનાં ભક્ત છીએ' એ જાણી સૂર્ય ખૂબ પ્રસન્ન થયો. એણે અમને કોઈ વરદાન માગવા જણાવ્યું.

અમે કહ્યું : 'અમારે કોઈ વસ્તુની જરૂર નથી. અમારે તો શિવની ભક્તિ જ જોઈએ.'

અમારી નિસ્પૃહતાથી પ્રસન્ન સૂર્ય ખૂબ પ્રભાવિત થયો. અને તેણે પોતાના તરફથી રાજકુમારી ચન્દ્રયશાને એક તિલકાભરણ આપ્યું, જેનાથી અંધકારમાં પણ દિવ્ય પ્રકાશ પથરાઈ જાય છે. મને આ બગીચો આપ્યો; જે કાયમ મારા મસ્તક પર લહેરાતો રહે છે. આમ, અમે દરરોજ શિવજીનાં દર્શન કરવા જઈએ છીએ અને આનંદમાં રહીએ છીએ.'

અંબડ રાજલદેવી સાથે નગરમાં આવ્યો અને રાજમાર્ગ પર આવી નટનું સ્વરૂપ લઈ ત્યાં રસ્તા પર જ નૃત્યસંગીત વગેરે કલાઓનું પ્રદર્શન કરવા લાગ્યો. ઢોલ અને નગારાંનો મધુર અવાજ સાંભળી ધીરેધીરે અનેક લોકો એકઠાં થયાં અને અંબડની પ્રશંસા કરવા લાગ્યાં. પછી અંબડે પોતાના વિદ્યાબળ વડે એકત્રીસ નટનટીઓની સૃષ્ટિ ખડી કરી દીધી. રાજલદેવી પણ આમાં આવીને જોડાઈ ગઈ. તે બધાં મળીને નાટક કરવા લાગ્યાં.

ધીમે ધીમે અંબડના નાટચ-પ્રદર્શનની ચર્ચા આખા નગરમાં ફેલાઈ ગઈ. રાજકુમારી ચન્દ્રયશા પોતાની સખીઓ વગેરે સાથે ત્યાં નૃત્ય જોવા આવી. ઘણા રાજકુટુંબના સભ્યો પણ ત્યાં આવ્યા. પોતાની સખીને આ બધા સાથે નૃત્ય કરતી જોઈને રાજકુમારી ચન્દ્રયશાને ખૂબ નવાઈ લાગી. તેણે રાજલદેવીને કહ્યું : 'અરે, આ શું કરે છે? તને આ રીતે નાચતાં શરમ નથી આવતી?' ત્યારે રાજલદેવીએ કહ્યું : 'સંગીત તો પરમ

આહ્લાદકારી પંચમ વેદ ગણાય છે, તો એમાં શરમાવાનું શું ? અરે ? ચંદ્રયશા, તું પણ આમાં સામેલ થઈ જા.'

આ વૃત્તાન્ત જ્યારે રાજલદેવીનાં માતાપિતા વગેરે સ્વજનોને જાણવા મળ્યો એટલે તેઓએ રાજા સમીપ જઈ કહ્યું : 'હે રાજન્, આ નટ અત્યંત લુચ્ચો અને માયાવી લાગે છે. એણે રાજલદેવીને ફોસલાવી લાગે છે.'

આ સાંભળી રાજા પણ ત્યાં આવી પહોંચ્યો. હવે અંબડે વિષ્ણુ, મહેશ અને બ્રહ્માનું રૂપ બનાવી રસાલ નાટકનું આયોજન કર્યું. વળી દિવ્ય સંગીતનું પણ આયોજન કર્યું. રાજા પણ આ નૃત્યનાટક જોઈને મંત્રમુગ્ધ થઈ ગયો. પ્રસન્ન થયેલા રાજાએ અંબડને રત્ન, સુવર્ણનાં વસ્ત્રાભરણ વગેરે આપવાની ઇચ્છા કરી. પણ અંબડે તેનો અસ્વીકાર કર્યો. ત્યારે લોકોને લાગ્યું કે, આ વિદ્યાધર કે સિદ્ધ પુરુષ લાગે છે.

પછીથી અંબડે રસયુક્ત નાટક પૂર્ણ કર્યું. બધા લોકો પોતાપોતાના સ્થાને ગયા.

રાજલદેવી પણ જ્યારે ઘેર પહોંચી ત્યારે એનાં માતા-પિતાએ કહ્યું : 'અરે, તને પેલા ધૂર્તે ફોસલાવી લાગે છે ! તને એની સાથે નાચતાં શરમ ન આવી. ?'

ત્યારે રાજલદેવીએ કહ્યું : 'પિતાજી ! એ કોઈ ધૂર્ત નથી અને હું કંઈ ફોસલાઈ નથી. એ કલાવાન પુરુષ તો મારો પતિ થવાનો છે.'

ત્યારે તે વચન સાંભળીને તેઓએ કહ્યું : 'અરે પાગલ ! તું શું બોલે છે એનું ભાન છે ? '

આ સાંભળી રાજલદેવી ચૂપ રહી.

સાંજે રાજલદેવી પોતાની સખી ચંદ્રયશા પાસે ગઈ. તે વખતે ચન્દ્રયશાએ રાજલદેવીને પૂછ્યું : 'હે સખી, તારી જોડે જે પુરુષ નૃત્ય કરતો હતો તે કોણ હતો ? એ પુરુષ ખરેખર કોઈ કેળવાયેલો કલાકાર લાગે છે. તો તે પુરુષ અંગેનો સકલ વૃત્તાન્ત મને જણાવ.'

રાજલદેવીએ પોતે અંબડ બાબતમાં જે કાંઈ જાણતી હતી તે બધું જ જણાવી દીધું.

એની બાબતમાં બધું જાણ્યા પછી રાજકુમારીએ રાજલદેવીને કહ્યું : 'હું પણ તેને જ વરીશ. તો કોઈ રીતે આજ રાત્રે તું એને મારા રાજમહેલમાં મોકલી આપ.'

આ વાતનો સ્વીકાર કરી તે પછી રાજલદેવી પોતાના ઘેર આવી. એટલામાં અંબડ પણ રાજલદેવીના ઘેર આવી પહોંચ્યો. રાજલદેવીએ રાજકુમારી અંગેની સર્વ બાબત અંબડને જણાવી. એના આગ્રહના કારણે અંબડ રાત્રે રાજકુમારી પાસે પહોંચી ગયો. રાજકુમારીએ પણ અંબડનું સ્વાગત કર્યું. પછી બન્નેએ પરસ્પર પ્રેમાલાપ કર્યો. મહેલમાંથી વિદાય થતી વખતે અંબડે રાજકુમારીને એક પાનનું બીડું આપ્યું. આ બીડામાં અંબડે યુક્તિપૂર્વક રૂપ-પરાવર્તનકારી ચૂર્ણ ભેળવી દીધું.

આમ કર્યા પછી અંબડ પોતાના ઘેર પાછો ફર્યો. આ બાજુ રાજકુમારી પાન ચાવતી ચાવતી સૂઈ ગઈ. સવારે જ્યારે દાસીઓ રાજકુમારીના મહેલમાં આવી ત્યારે રાજકુમારી

ચન્દ્રયશાને ગધેડી થયેલી જોઈને દંગ થઈ ગઈ. તેમણે આ વાત રાજા સોમચંદને જણાવી. આ સાંભળી રાજા દોડતો ત્યાં આવી પહોંચ્યો. વાતની ખબર પડતાં નગરનાં ઘણાં લોકો પણ એકઠાં થઈ ગયાં. રાજારાણી પોતાની પુત્રીની આ દુર્દશા જોઈને ખૂબ વ્યાકુળ થઈ ગયાં.

રાજાએ અનેક મંત્રશાસ્ત્રી, વૈદ્યો વગેરેને બોલાવીને અનેક ઉપચારો કરાવ્યા, પણ બધા ઉપચારો નિષ્ફળ ગયા. ત્યારે રાજાએ નગરમાં ઢંઢેરો પિટાવી જાહેરાત કરાવી કે, જે માણસ મારી પુત્રીને ગધેડીમાંથી માનવ બનાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ અને તેની સાથે મારી પુત્રી પરણાવીશ.'

આ ઘોષણા થતાં જ અંબડે એક યોગીનું રૂપ લીધું અને રાજા સમક્ષ હાજર થઈને રાજકુમારીને માનવરૂપમાં લાવવાનું જણાવ્યું. પછી અંબડે ત્રણ દિવસ સુધી રાજમહેલમાં રહીને દેવતાની આરાધના કરવાનો ઢોંગ કર્યો અને પછીથી બધા સમક્ષ એણે પેલી વાવનું જળ પિવડાવી રાજકુમારીને ફરીથી માનવી બનાવી દીધી.

પોતાની જાહેરાત પ્રમાણે રાજાએ પોતાનું અડધું રાજ્ય અંબડને અર્પણ કર્યું અને રાજકુમારી ચંદ્રયશાને પરણાવી. ચંદ્રયશાએ શિવપ્રદત્ત રત્નમાલા અંબડને સમર્પિત કરી. પ્રધાન વૈરોચને પણ પોતાની પુત્રી રાજલદેવીને અંબડ જોડે પરણાવી.

બન્ને પત્નીઓ સાથે અંબડ પોતાના નગર રથનૂપુર આવ્યો. થોડા દિવસ પછી તે 'રત્નમાલા' લઈને ગોરખયોગિની સમક્ષ આવી પહોંચ્યો અને રત્નમાલા યોગિનીને સમર્પિત

કરી. યોગિનીએ તેનાં સાહસ, શૌર્ય અને બુદ્ધિની ખૂબ પ્રશંસા કરી. પછી અંબડ પોતાના ગૃહે આવી પોતાની પત્નીઓ સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો.

### લક્ષ્મી અને વાંદરીની પ્રાપ્તિ

થોડા દિવસ પછી અંબડ ગોરખયોગિની પાસે ગયો અને પ્રણામ કરીને ચોથા આદેશની માગણી કરી.

ગોરખયોગિનીએ ચોથો આદેશ આપતાં કહ્યું : 'અંબડ, નવલક્ષપુર નગરમાં રાજા મલયચંદ્ર રાજ કરે છે. ત્યાં બોહિત્થ-સમુદ્રના વેપારીને રૂપિણી નામે પુત્રી છે. એની પાસે લક્ષ્મી અને એક વાંદરી છે. તું તે બન્ને વસ્તુ લઈ આવ.'

આદેશ પ્રાપ્ત થતાં અંબડ નવલક્ષપુર તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં તે સુગંધવનમાં રોકાયો. તે એક બકુલ વૃક્ષ નીચે બેસીને આરામ કરતો હતો તે વખતે તેણે એક નવ-યૌવનાને ત્યાંથી જતી જોઈ. અંબડ ઊઠીને તે નવયૌવનાની પાછળ પાછળ જવા લાગ્યો. તે સુંદરી એક સરોવરમાં પ્રવેશી અદૃશ્ય થઈ ગઈ. અને અંબડ તેને વ્યાકુલ બનીને આમતેમ શોધતો રહ્યો.

કેટલાક દિવસ એમ જ પસાર થઈ ગયા. પછી એક દિવસ જયારે તે પોતાના વિચારોમાં ખોવાયેલો બેઠો હતો એટલામાં કોઈ એક બટુકે અંબડ સમક્ષ ફળ મૂકીને પ્રણામ કર્યા અને કહ્યું : 'હે અંબડ! તું મારી સાથે આવ. તને અમરાવતીએ પોતાના ઘેર આવવાનું આમંત્રણ આપ્યું છે.' આ સાંભળી અંબડે પૂછ્યું : 'કોણ અમરાવતી? આ ફળ

શેનું છે?' એટલે પેલા બટુકે કહ્યું: 'હે અંબડ! સાંભળ.' આમ કહીને બટુકે અમરાવતી વિષે કહેવાનું શરૂ કર્યું:

અગ્નિકુંડપુર નામના નગરમાં દેવાદિત્ય નામનો રાજા રાજ્ય કરે છે. તેને લીલાવતી નામની પટ્ટરાણી અને બીજી અનેક રાણીઓ પણ હતી. વળી અનેક પુત્રો હતા.

એક દિવસ એક રાણીએ રાજાને ભોજન માટે આમંત્રણ આપ્યું. અને તે વખતે કામણ કરીને રાજાને પોપટ બનાવી દીધો. આ સમાચારથી આખા નગરમાં હાહાકાર થઈ ગયો. દેવાદિત્યના પુત્રોએ મળીને પેલી રાણીને દેશનિકાલ કરી દીધી. અને તે પોપટને રાણી લીલાવતી પોતાના મહેલે લઈ ગઈ. એક દિવસ આ પોપટે પક્ષીજીવનથી કંટાળી લીલાવતીને કહ્યું: 'હે પ્રિયે, હું તો હવે અગ્નિમાં બળી મરવાની ઇચ્છા રાખું છું.'

આ જાણી પટ્ટરાણી, રાજકુમાર તથા મહામંત્રી વગેરે અત્યંત દુ:ખી થયાં.

પોપટ રૂપમાં રાજા બળી મરવા જઈ રહ્યો હતો તે વખતે આકાશમાર્ગેથી મહામુનિ ફૂલચંદે આ દૃશ્ય જોયું અને નીચે આવીને પોતાની મંત્રશક્તિથી પોપટને માનવ બનાવી દીધો. પછી મૂળ સ્વરૂપમાં આવેલા રાજા દેવાદિત્યે મુનિ ફૂલચંદ્રના ઉપદેશથી વૈરાગ્ય પામી એમની પાસેથી દીક્ષા લીધી. પટ્ટરાણી લીલાવતીએ પણ પતિનું અનુસરણ કરી દીક્ષા લીધી.

રાજર્ષિ દેવાદિત્ય અને સાધ્વી લીલાવતી વનમાં રહીને તપ કરવા લાગ્યાં. કેટલાક દિવસ પછી રાણીને સગર્ભા જોઈને રાજર્ષિ દેવાદિત્યે તે અંગે પૃચ્છા કરતાં સાધ્વી લીલાવતીએ

કહ્યું : ' આ ગર્ભ તો ગૃહવાસના સમયનો છે. દીક્ષા લેવામાં કોઈ અંતરાય ન આવે, એટલા માટે મેં આ રહસ્ય ગુપ્ત રાખ્યુ હતું.'

આ સાંભળી રાજા મૌન રાખીને તે વનમાં જ રહ્યો. યથા સમયે સાધ્વી લીલાવતીએ એક પુત્રીને જન્મ આપ્યો. જન્મ આપીને સાધ્વી લીલાવતી દેવલોક પામી. રાજર્ષિએ વનોની ગાયોનું દૂધ પિવડાવીને તે કન્યાને મોટી કરી. એનું નામ અમરાવતી રાખવામાં આવ્યું. તે પોતાના પિતા પાસે શાસ્ત્રોનું અધ્યયન કરીને યૌવન અવસ્થાને પામી. યુવાનીમાં આવતાં તે અત્યંત સુંદર બની ગઈ.

એક દિવસ તે એકલી વનમાં બેઠી હતી ત્યારે આકાશ-માર્ગેથી ધનદ નામનો વિદ્યાધર જઈ રહ્યો હતો. તે એના અતિશય સુંદર અને લાવણ્યમય દેહને જોઈને મુગ્ધ થઈ ગયો અને તેને પોતાની પત્ની બનાવવાના ઇરાદાથી નીચે ઊતરી આવ્યો.

એણે અમરાવતીને ત્રણ રત્નો ભેટ આપ્યાં. એ રત્નોનો પ્રભાવ દર્શાવતાં એણે જણાવ્યું કે એક રત્નના પ્રભાવથી જલનો ઉપદ્રવ શાંત થઈ જાય છે. બીજાના પ્રભાવથી અગ્નિનો ઉપદ્રવ, અને ત્રીજાના પ્રભાવથી ભૂત–પ્રેત વગેરેનો ઉપદ્રવ શાંત થાય છે.

ત્રણે રત્નો લઈને અમરાવતીએ કહ્યું : 'તમે મારા ભાઈ સમાન છો. તો આ રત્નો સિવાય પણ કંઈક એવી વસ્તુ આપો, જેનાથી મારો કોઈ પરાભવ ન કરી શકે.'

અમરાવતી પ્રત્યે કામરાગ છોડીને ભગિનીભાવ ધારણ કરી ધનદે એની વિનંતિનો સ્વીકાર કરી એક સરોવરનું નિર્માણ કર્યું અને એની મધ્યમાં એક રત્નજડિત મહેલ બનાવ્યો. પછી રાજર્ષિ દેવાદિત્યને પણ બોલાવવામાં આવ્યા. તેમણે ધનદને અમરાવતીના વર બાબત પૃચ્છા કરતાં તેણે અવધિજ્ઞાન વડે જાણીને કહ્યું : 'હે મહાનુભવ, મહા કલાવાન અંબડ એનો પતિ બનશે'. આ સાંભળી દેવાદિત્યે પૂછ્યું : 'અમે કેવી રીતે જાણી શકીશું કે આ અંબડ જ છે?'

ધનદે કહ્યું : 'આજથી સાતમા દિવસે બકુલ વૃક્ષ નીચે બેઠેલો અંબડ અમરાવતીને દેખાશે.'

આ પછી પેલા બટુકે કહ્યું : 'હે અંબડ, તમે જલદીથી અમરાવતીના મહેલે આવો.' પછીથી અંબડ પેલા બટુક સાથે અમરાવતીના મહેલે આવ્યો. અમરાવતી પણ એની રાહ જોતી હતી. એણે અંબડનું વિશેષ સ્વાગત કર્યું. વાતો કર્યા પછી અંબડે રાજર્ષિ દેવાદિત્યને મળવાની ઇચ્છા દર્શાવી. એટલે અમરાવતીએ પેલા બટુકને પોતાના પિતા પાસે અંબડને લઈ જવાનું કહ્યું. અંબડ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

તેઓ જલમાર્ગે જઈ રહ્યાં હતાં એટલામાં નદીમાંની એક વિશાળ માછલી અંબડને ગળી ગઈ. એ માછલીને એક બગલો ઉઠાવીને લઈ ગયો. માછલી લઈને આકાશમાં ઊડતા બગલાને એક ગીધે પકડ્યો અને બન્નેને લઈને અદૃશ્ય થઈ ગયો.

આ બાજુ બટુકે પાછા ફરીને જોયું તો એને અંબડ દેખાયો નહીં. એણે ચારે તરફ અંબડની શોધ કરી પણ તે ક્યાંય જોવા ન મળ્યો. બટુકે ત્યાંથી પાછા ફરી આ વાત અમરાવતીને કરી એટલે તે બેભાન થઈને ઢળી પડી. આ વાતની ખબર પડતાં રાજર્ષિ દેવાદિત્ય ત્યાં આવી પહોંચ્યા અને શીતળ ઉપચાર વડે અમરાવતીને ભાનમાં આણી. ભાનમાં આવ્યા પછી તે મોટેથી રડવા લાગી. રાજર્ષિએ અનેક પ્રકારે સમજાવી છતાં તે પોતાનું દુ:ખ વીસરી શકી નહીં. શોકથી વ્યાકુલ મને દિવસ પસાર કરતી તે રહેવા લાગી.

આ બાજુ માછલી સહિત બગલાને લઈ ગીધ એક ઝાડ પર બેઠું. એક શિકારીએ તેને જોઈને તીર મારી નીચે પાડ્યું. બગલો એના પંજામાંથી છૂટી ગયો અને આકાશમાં ઊડી ગયો. તે બગલાની ચાંચમાંથી છૂટેલી માછલી નીચે પડી. તે માછલી લઈ શિકારી પોતાના ઘેર આવ્યો.

શિકારીએ માછલી ચીરી તો એમાંથી એક પુરુષ નીકળી આવ્યો. આ જોઈને શિકારી ચમકી ગયો. એણે તરત તેને બહાર કાઢ્યો અને ઉપચાર કરી ભાનમાં આણ્યો. અંબડે પોતાનો સર્વ વૃત્તાન્ત તે શિકારીને જણાવ્યો. પછીથી તેને મહાન પુરુષ જાણી શિકારીએ અંબડને પોતાના ઘરમાં રાખ્યો. આ શિકારી નવલક્ષપુરનો જ હતો. અંબડ ત્યાં થોભી ગયો.

હવે રાત્રિના સમયે શિકારીની પુત્રીને બહાર જતી જોઈને નવાઈ પામેલો અંબડ એની પાછળ જવા લાગ્યો.

શિકારીની પુત્રી અમુક જગ્યાએ ઊભી રહી અને તેણે ક્ષત્રિય-પુત્રી નાગિની, વણિક-પુત્રી સોહી અને બ્રાહ્મણ-પુત્રી રામતીને બોલાવી. પછીથી તે ચારેય આગળ ચાલવા લાગી.

રસ્તામાં શિકારીની પુત્રીએ કહ્યું : 'હવે આપણે બોહિત્થ-સમુદ્રના વેપારીના ઘરે જઈશું.' આ પછી ચારેય સખીઓએ બકરીનું રૂપ ધારણ કર્યું. આ જોઈને પાછળ આવતો અંબડ પણ બકરાનું રૂપ ધારણ કરીને બકરીઓમાં ભળી ગયો અને બકરીઓને ત્રાસ આપવા લાગ્યો. તેથી આગળ ન જતાં તે ચારેય વચમાંથી પોતપોતાને ઘેર પાછી ફરી.

પ્રભાતે પરસ્પર મળીને તે ચારે રાતવાળા બકરા વિષે વાતો કરવા લાગી અને નક્કી કર્યું કે આપણે હવે સ્થિરમને આની ચોક્કસ તપાસ કરવી જોઈએ. એમની આ વાત પણ ત્યાં રહેલા અંબડે ગુપ્તપણે જાણી લીધી.

હવે બીજે દિવસે રાત્રે ફરીથી પાછી તેવી રીતે બકરીઓનું રૂપ ધારણ કરી ચારેય સખીઓ મળીને બોહિત્થ-સમુદ્રના વેપારીના ઘેર જવા નીકળી. પોતે બકરો બનીને અંબડ એમની સાથે ભળી ગયો. જેવી તે આગળ વધી કે અંબડે પોતાની વિદ્યાના બળ વડે તેઓને સ્થંભિત કરી દીધી. એટલે તેઓએ નમ્રતાપૂર્વક અંબડરૂપી બકરાને કહ્યું : 'હે દેવ, તમે અમને કેમ ત્રાસ આપો છો? તમે અમારી પાસેથી શું ઇચ્છો છો તે જણાવો!' આ સાંભળી અંબડે કહ્યું: 'જો તમે મારું એક કામ કરશો તો હું તમને મુક્ત કરીશ.'

તેઓએ કહ્યું : 'તમે તમારું કામ ખુશીથી જણાવો.

અંબડે કહ્યું: 'આ નવલક્ષપુરમાં બોહિત્થ–સમુદ્રના વેપારીને એક રૂપિણી નામની પુત્રી છે. હું તેને મળવા ઇચ્છું છું, તો તમે મને તે વેપારીના ઘેર લઈ જાઓ.'

ત્યારે તેઓએ કહ્યું: 'અમે તમારું કામ જરૂરથી કરીશું.'

આ સાંભળી અંબડે તેમને મુક્ત કરી. પછી બકરી સ્વરૂપે અંબડ સાથે જઈને બોહિત્થ–સમુદ્રના વેપારીનું ઘર બતાવ્યું.

એ ઘર ચારે તરફથી પાણીની ખાઈથી ઘેરાયેલું હતું. એની ચારે બાજુ તાંબાનો કોટ બનેલો હતો. તે સાત માળનું હતું. પાંચ હજાર સૈનિકો એની રક્ષા–ચોકી કરતા હતા. સેંકડો ધજાઓ ફરકી રહી હતી. રત્નદીપોથી તે ચમકતું હતું. રૂપિણી એક સુવર્ણમય ઓરડામાં લક્ષ્મી સાથે બેઠી હતી. તેની પાસે એક વાંદરી બેઠેલી હતી. ચારેય બકરીઓ રૂપી સખીઓ અને પાંચમો બકરા રૂપી અંબડ તે ઘરમાં ગયાં.

રૂપિણીએ બકરા રૂપી અંબડ અંગે પૃચ્છા કરતાં તેઓએ કહ્યું: 'તું સાચું જ કહે છે. ખરેખર આ બકરો નવો છે. પણ આને અમે લઈ આવ્યા છીએ એમ અસત્ય કેમ જણાવે છે? એણે તો અમને તારે અંગે સર્વ હકીકત જણાવી છે. વળી માર્ગમાં એણે અમને ખૂબ ત્રાસ આપ્યો છે.'

પછી ભયભીત થયેલી રૂપિણીએ અંબડને પૂછ્યું: 'તમે જે હો તે, તમારા અસલ સ્વરૂપમાં આવો અને તમારો પરિચય આપો.'

અવસર જોઈને અંબડે પોતાનું માનવ સ્વરૂપ પ્રગટ કર્યું અને પોતાનો પરિચય આપતાં કહ્યું: 'ગોરખયોગિનીના

પ્રતાપે મને અનેક વિદ્યાઓ–સિદ્ધિઓ મળી છે. આખું વિશ્વ મારી મુઠ્ઠીમાં છે.'

આ સાંભળી ચમકેલી રૂપિણીએ કહ્યું : 'સ્વામી, હું પણ આપને આધીન છું. તો મારે યોગ્ય કાર્ય–સેવા ફરમાવો. ?'

અંબડે કહ્યું : 'તો આ લક્ષ્મી અને વાંદરી મને આપી દો'.

તે બોલી : 'હે સ્વામી, હું તે બંને તમને જરૂરથી આપીશ. પણ તે પહેલાં તમે આ વાંદરીનું રહસ્ય જાણો.'

'એક વાર મેં ચંદ્રદેવની આરાધના કરી. એમણે પ્રસન્ન થઈ મને આ વાંદરી આપી અને એનો પ્રભાવ જણાવતાં કહ્યું : હે વત્સ, આ વાંદરી જ્યાં સુધી તારી પાસે રહેશે ત્યાં સુધી કોઈ પણ માણસ તારો પરાભવ કરી શકશે નહિ. વળી, જ્યારે આ વાંદરીથી તારો વિયોગ થશે ત્યારે તારું મૃત્યુ થશે. આ કારણે જ્યાં હું ત્યાં આ વાંદરી પણ હોય છે. વળી, આ મને દરરોજ નવાં નવાં રત્નો આપે છે. એની કિંમત લાખોની હોય છે. એટલે તમે પહેલાં મારી સાથે લગ્ન કરો. એટલે પછી મારી સાથે આ વાંદરી પણ આવશે જ.'

આ સાંભળી અંબડે કહ્યું: 'આ વૃત્તાન્ત તું તારાં માતા-પિતાને જણાવ.'

રૂપિણીએ કહ્યું : 'મારાં માતાપિતા એમ જલદીથી કદાપિ લગ્ન માટે મંજૂરી ન આપે. આ માટે કોઈ પ્રપંચનો આશરો લેવો પડશે. પહેલાં તમે 'અજ–વિદ્યા' પ્રાપ્ત કરો અને

નવલક્ષપુરના રાજા મલયચંદ્રની પુત્રી વીરમતી જોડે લગ્ન કરો. પછીથી હું પણ તમારી જોડે લગ્ન કરીશ.'

અજ-વિદ્યા પ્રાપ્ત કરીને અંબડ નગરમાં પ્રવેશ્યો. એ વખતે રાજા મલયચંદ્ર ઘોડા પર બેસીને ફરવા જતો હતો, તે સામે મળ્યો. અંબડે તેને અજ-વિદ્યા વડે બકરો બનાવી દીધો. રાજાને બકરો બની ગયેલો જાણી નગરજનો વગેરે ખૂબ દુઃખી થયા. રાજપુરોહિત અને મુખ્ય પ્રધાને રાજાને માનવરૂપમાં લાવવા અનેક પ્રયત્નો કર્યા પણ સફળતા મળી નહીં. કોઈ અનિષ્ટની સંભાવના કરી પ્રધાને નગરનાં દ્વાર બંધ કરાવ્યાં.

અંબડે બહુરૂપિણી વિદ્યાના પ્રભાવે ચતુરંગિણી સેના ઉત્પન્ન કરી અને પોતાના કેટલાક સુભટોને શું બોલવું તે શિખવાડી નગરદ્વારે મોકલ્યા. સુભટોએ દ્વારપાલને જઈને કહ્યું : 'તમને ખબર નથી કે રથનુપુરના રાજા નગરદર્શન માટે આવ્યા છે?'

આ સાંભળી દ્વારપાલોએ આ વાત મુખ્ય પ્રધાનને જણાવી અને મુખ્ય પ્રધાનની રજાથી દ્વાર ખોલી નાખ્યાં. લશ્કર સાથે અંબડે નગરમાં પ્રવેશ કર્યો.

મુખ્ય પ્રધાને અંબડનું સ્વાગત કર્યું: અંબડે પૂછ્યું : 'આ નગર કેમ સૂમસામ જણાય છે?'

મુખ્ય પ્રધાને પોતાના દુઃખની વાત અંબડને જણાવી. એટલે અંબડે કહ્યું: 'અરે! આમાં શું મોટી વાત છે. જલદીથી મને રાજા પાસે લઈ જાઓ. હું તેમને પળમાત્રમાં નિરોગી કરી દઈશ.'

'પણ આ કાર્ય કરવાથી અમને શો લાભ થશે ?'

પ્રધાને કહ્યું : 'જો રાજા ફરીથી માનવરૂપમાં આવી જશે તો તમને અર્ધું રાજ્ય અને રાજકન્યા વીરમતી અપાવીશ.

પછી અંબડે બકરો બનેલ રાજાને વિદ્યાપ્રભાવથી માનવ-રૂપ બનાવ્યો. રાજા મલયચંદને જ્યારે બધી વાતની ખબર પડી ત્યારે તેણે અંબડને અર્ધું રાજ્ય આપ્યું અને પોતાની પુત્રી વીરમતી પણ પરણાવી. પછી પેલા બોહિત્થ–સમુદ્રના વેપારીએ પણ પોતાની પુત્રી રૂપિણીનું લગ્ન પણ અંબડ સાથે કર્યું. પેલી ચાર સખીઓએ પણ લગ્ન કર્યાં.

અંબડ રૂપિણી વગેરે પત્નીઓ સહિત સુગંધવનમાં આવ્યો. ત્યાં દેવાદિત્યની અનુમતિથી તે અમરાવતીને પરણ્યો. અંબડે તેને પટરાણી બનાવી. અંબડ દેવાદિત્યની આજ્ઞા લઈને પરિવાર સહિત પોતાના નગર આવ્યો. થોડા દિવસ બાદ અંબડ ધનગિરિ પર ગોરખયોગિની પાસે ગયો અને પેલી લક્ષ્મી અને વાંદરી એને સોંપ્યાં. ગોરખયોગિનીએ અંબડની એક વીર તરીકે પ્રશંસા કરી. યોગિનીને પ્રણામ કરી અંબડ પોતાના નગરે આવી સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

## રવિચંદ્ર દીપકની પ્રાપ્તિ

થોડા દિવસ પછી અંબડે ગોરખયોગિની પાસે જઈને પાંચમા આદેશની માગણી કરી.

પાંચમો આદેશ આપતાં ગોરખયોગિનીએ કહ્યું : 'વત્સ, સૌરાષ્ટ્રમાં દેવપત્તન નગરમાં દેવચંદ્ર રાજા રાજ્ય કરે છે. એના

મંત્રીનું નામ વૈરોચન છે. તેના ઘરે એક 'રવિચંદ્ર' નામનો દીપક છે. તું તે દીપક લઈને અહીં આવ.'

આદેશ પ્રાપ્ત કરીને અંબડ સૌરાષ્ટ્રના માર્ગે ચાલી નીકળ્યો. રસ્તામાં એને એક બ્રાહ્મણ મળ્યો. તે બ્રાહ્મણને પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે તે દેવપત્તનથી આવી રહ્યો છે અને કોઈ કાર્યસિદ્ધિ માટે આગળ જઈ રહ્યો છે. પછી પોતાનો વૃત્તાન્ત જણાવતાં એણે કહ્યું : 'ઉત્તર દિશામાં મહાદુર્ગ નામનો પર્વત છે. એની પાસે સિંહપુર નામનું નગર છે. ત્યાં સાગરચંદ્ર નામનો રાજા રાજ્ય કરે છે. એને સમરસિંહ નામનો પુત્ર અને રોહિણી નામની પુત્રી છે. સાગરચંદ્ર પરકાયાપ્રવેશ નામની વિદ્યાનો જાણકાર છે. વૃદ્ધાવસ્થા જાણી રાજા સાગરચંદ્ર રાજ્યનો ભાર પુત્ર સમરસિંહને સોંપીને જંગલમાં જવા તૈયાર થયો. એ વખતે પુત્રી રોહિણીએ પોતાને કંઈક આપવા જણાવ્યું. એટલે રાજા સાગરચંદ્રે એને પરકાયાપ્રવેશ-વિદ્યા આપી અને સાથે સૂચના આપી કે, આ વિદ્યા ગમે તેને શિખવાડીશ નહીં. પોતાના ભાઈ સિવાય તું અન્ય કોઈ પણ પુરુષનું મુખ જોઈશ નહીં. જેને તું વિદ્યા આપીશ તે તારું પાણિગ્રહણ કરશે. આ શરતને અવશ્ય પાળજે.' આ પછી રાજા સાગરચંદ્ર જંગલમાં ચાલ્યો ગયો અને થોડા સમય બાદ મૃત્યુ પામ્યો.

હવે સિંહપુરમાં એનો ભાઈ રાજ્ય કરે છે. રાજકુમારી રોહિણી મહેલમાં એકાન્ત વાસ કરે છે. ક્યારેક તે પર્વતો કે ગુફામાં પણ જાય છે. હું રોહિણી પાસે પરકાયાપ્રવેશ વિદ્યા શીખવા જઈ રહ્યો છું.'

અંબડે બ્રાહ્મણને પૂછ્યું : 'તમારી પાસે કઈ વિદ્યા છે? વિદ્યા તો આદાન-પ્રદાનથી થાય છે અથવા પુષ્કળ ધન વડે થાય છે.'

બ્રાહ્મણે પોતાની પાસે રહેલી મોહિની વિદ્યા વડે પરકાયા-પ્રવેશની વિદ્યા પ્રાપ્ત કરવાનું જણાવ્યું.

અંબડે બ્રાહ્મણને પ્રશ્ન કર્યો : 'રોહિણીના પિતાએ કોઈ પુરુષનું મુખદર્શન કરવાની રોહિણીને મના કરી છે. તો મળ્યા વિના તમે વિદ્યાઓનું આદાન-પ્રદાન કેવી રીતે કરશો?'

આ સાંભળી બ્રાહ્મણે કહ્યું : 'આ માટે કોઈ પ્રપંચ કરવો પડશે.'

અંબડે લાગ જોઈને કહ્યું : 'મારી પાસે એક એવી વિદ્યા કે જેના પ્રભાવથી માણસ અક્ષય લક્ષ્મી મેળવી શકે છે.'

આ સાંભળીને બ્રાહ્મણે અંબડને એકબીજાની વિદ્યાઓનું આદાન-પ્રદાન કરવાનું સૂચવ્યું. આ પછી બન્ને વચ્ચે વિદ્યા-ઓનું આદાન-પ્રદાન થયું. પછી બન્ને ચાલતા ચાલતા સિંહપુર આવ્યા અને નગર બહારના ઉદ્યાનમાં રોકાયા.

પછી અંબડની સૂચનાથી બન્નેએ જુદા પડી અલગ અલગ નગરમાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણ અને અંબડ પોતપોતાની રીતે રોહિણીને મળવાનું કાર્ય સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં પડી ગયા.

બ્રાહ્મણ પોતાની યુક્તિથી રાજકુમારી રોહિણી પાસે જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. અંબડ નગરમાં પ્રવેશ કરીને

તપસ્વિનીનું રૂપ ધારણ કરી ચાર રસ્તા પર જઈને બેઠો અને એણે મોહિની વિદ્યાના પ્રભાવથી બધાને મોહી લીધા. થોડા જ સમયમાં સિંહપુર નગરમાં તપસ્વિનીની ચર્ચા થવા લાગી. તે ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વનો જાણકાર છે એવી વાત સર્વત્ર પ્રસરી ગઈ. અનેક લોકો એની પાસે આવવા લાગ્યા.

પેલો બ્રાહ્મણ હજી રોહિણીને મળવામાં સફળ થયો ન હતો. તે પોતાની કાર્યસિદ્ધિ અંગે જાણવા તપસ્વિનીરૂપી અંબડ પાસે આવ્યો અને પ્રણામ કરી પ્રશ્ન કર્યો: 'ભગવતી, મારી મનોવાંછા સિદ્ધ થશે કે નહીં?'

તપસ્વિનીએ કહ્યું: 'તું એક નવી વિદ્યા શીખવા અહીં આવ્યો છે. પણ તારા ભાગ્યમાં વિદ્યાપ્રાપ્તિ નથી.'

આ સાંભળીને બ્રાહ્મણને આશ્ચર્ય થયું. છતાં બ્રાહ્મણે વિદ્યા પ્રાપ્ત કરવાના અનેક પ્રયત્નો કર્યા. પણ એને સફળતા મળી નહીં. અંતે તે પોતાના નગર દેવપત્તન પાછો ફર્યો.

તપસ્વિનીના જ્યોતિષજ્ઞાન અંગેના સમાચાર રાજકુમારી રોહિણી સુધી પણ પહોંચી ગયા. તેણે પોતાની ચતુર દાસીને તપસ્વિનીને બોલાવી લાવવા રવાના કરી. દાસીએ આવીને રાજકુમારી રોહિણીના નિમંત્રણ અંગે તપસ્વિનીને જણાવ્યું. તપસ્વિનીરૂપ અંબડ દાસી સાથે રોહિણીના મહેલમાં આવી પહોંચ્યો.

તપસ્વિનીનાં રૂપ તથા તારુણ્ય-લાવણ્યને જોઈને રોહિણી અત્યંત પ્રભાવિત થઈ. તપસ્વિનીને પછી ભોજન અર્થે નિમંત્રણ આપતાં પોતે નિરાહારી હોવાનું જણાવ્યું

અને ધર્મ અને વૈરાગ્યની વાતો કહી. રાજકુમારીએ આગ્રહપૂર્વક તપસ્વિનીને યૌવન સમયે આવો વૈરાગ્ય ધારણ કરવાના કારણ અંગે પૃચ્છા કરતાં તપસ્વિનીએ પોતાનો વૃત્તાન્ત જણાવ્યો :

'સુરીપુર નગરમાં રાજા શૂરસેન રાજ્ય કરતા હતા. તેમની માણકી નામની પુત્રી તે હું. મારી માતા બાળપણમાં જ મૃત્યુ પામી. વિદ્યાભ્યાસ યોગ્ય વય થતાં જ મારા પિતાએ વિદ્યાભ્યાસ માટે મને પાઠશાળામાં મૂકી.

એક સમયે પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરતી હું મણિભદ્ર નામના વિદ્યાધરની નજરે પડી અને તે મારું હરણ કરી મને વૈતાઢ્ય પર્વત પર લઈ ગયો. વિદ્યાધરે મને 'ગૌરી' અને 'પ્રજ્ઞપ્તિ' નામની બે વિદ્યાઓ શીખવી. પછી તે મારું પાણિગ્રહણ કરવા તૈયાર થયો. પણ આ વિદ્યાધરનો પુત્ર સુભદ્રવેગ કે જે મારા પ્રત્યે આસક્ત થયો હતો તે પણ મને પરણવા માગતો હતો. એટલે તેણે પોતાના પિતાનો ઘાત કર્યો. આ સુભદ્રવેગ મારી સાથે કંઈ વાતચીત કરે તે પૂર્વે મારા પ્રત્યે આસક્ત એવા કિરણવેગ નામના વિદ્યાધરે સુભદ્રવેગને યમલોક પહોંચાડી દીધો. મારા સૌન્દર્યને કારણે બે બે હત્યા થઈ, તેથી મને મારા આવા સૌન્દર્ય પર તિરસ્કાર થયો. એટલે આપઘાત કરવાના વિચારથી હું જંગલમાં ચાલી નીકળી. ત્યાં એક વાવ જોઈ મેં વિચાર કર્યો : સમીપ રહેલા વૃક્ષ પર ચઢી હું વાવમાં ઝંપલાવું. જેવી હું વૃક્ષ પરથી નીચે પડવા ગઈ કે કિરણવેગે પાછળથી આવીને મને પકડી લઈને બચાવી લીધી.

પછી તે વિદ્યાધર મને પોતાના ઘેર લઈ ગયો અને મારી સાથે લગ્ન કરી ભોગવિલાસ કરવા લાગ્યો. એક દિવસ મેં કિરણવેગને અન્ય સ્ત્રી પ્રત્યે આસક્ત થયેલો જોયો. મેં તેને તેમાંથી વારવા પ્રયત્ન કર્યો, છતાં તે અટકયો નહીં. એટલે મારું મન સંસાર-માંથી ઊઠી ગયું. પછી ગંગાકિનારે જઈને મેં તાપસીપણું અંગીકાર કર્યું. તાપસી તરીકે તીર્થયાત્રા કરતાં હું તમારા નગર સિંહપુરમાં આવી પડી.' આમ કહી તપસ્વિનીરૂપ અંબડે પોતાનો વૃત્તાન્ત પૂર્ણ કર્યો.

પછીથી તપસ્વિનીએ રાજકુમારીને પુરુષમુખ ન જોવા અંગે પૃચ્છા કરતાં રોહિણીએ પોતાનો પૂર્વ વૃત્તાન્ત જણાવ્યો.

તે પછી રોહિણીએ તપસ્વિનીને કહ્યું : 'હું તમને પર-કાયાપ્રવેશવિદ્યા આપીશ, કેમ કે મારા પિતા રાજર્ષિ સાગરચંદ્રે કોઈ યોગ્ય પાત્રને એ વિદ્યા આપવા જણાવ્યું હતું. આજે મને એક સુયોગ્ય પાત્ર મળી ગયું છે.'

પહેલાં તો તપસ્વિનીએ વિદ્યા ગ્રહણ કરવા બાબત આનાકાની કરી. પણ રોહિણીના અત્યંત આગ્રહને કારણે તેણે તે ગ્રહણ કરવાની તૈયારી બતાવી અને રોહિણી પાસેથી વિદ્યા પ્રાપ્ત કરી લીધી.

તપસ્વિનીને પ્રણામ કરી રોહિણીએ પોતાનો 'ભર્તા' કોણ થશે એમ પૂછતાં તપસ્વિનીએ કહ્યું : 'તારું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે. થોડાક જ સમયમાં તને યોગ્ય એવો તારો પતિ આવી તારું પાણિગ્રહણ કરશે.'

રાજકુમારીએ પૂછ્યું : 'હું એમને કેવી રીતે ઓળખી શકીશ ?'

'જે પુરુષ તને માલણ દ્વારા પુષ્પ-કંચુક મોકલે તે પુરુષ તારો ભાવિ પતિ થશે એમ જાણજે.'

પછી રાજકુમારીની રજા લઈ તપસ્વિની ત્યાંથી ચાલી નીકળી.

સિંહપુર નગર બહાર આવી, અંબડ પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયો. ત્યાંથી તે આકાશગામિની વિદ્યા વડે દેવપત્તનમાં બગીચામાં માળીને ઘેર ઊતર્યો. માળીના સમસ્ત કુંટુબને મોહિની વિદ્યા વડે વશ કરી લીધું. માળીની પુત્રી હેમતી અંબડ પ્રત્યે ખૂબ આસક્ત થઈ ગઈ. માળીની વિનંતિથી અંબડે હેમતી જોડે લગ્ન કર્યાં અને ત્યાં સુખેથી રહેવા લાગ્યો.

એક દિવસ માલણ ફૂલના હાર લઈને રાજદરબારમાં જઈ રહી હતી, તેને અકટાવી અંબડે એમાંથી બે હાર લઈ એને મંત્રિત કરી, એ બે હાર અનુક્રમે રાજા દેવચંદ્ર અને પ્રધાન વૈરોચનને આપવા માલણને સૂચના કરી.

રાજા અને પ્રધાનને હાર આપીને માલણ પોતાના ઘેર પાછી ફરી, અંબડે થોડું મંત્રેલું ચૂર્ણ નગર-દ્વાર પર, રાજમંદિરના દ્વાર તથા પ્રધાનગૃહના દ્વાર પર છાંટી દીધું. મંત્રોના પ્રભાવથી બધાં દ્વાર ધ્રૂજવા લાગ્યાં. આ જોઈ લોકો ભયભીત થઈ ગયા. બધાએ માન્યું કે કોઈ ભૂત-પ્રેતના કોપને કારણે આ બધું બની રહ્યું છે. ભયભીત લોકો રાજા

પાસે પહોંચી ગયા. ત્યાં તેમણે પુષ્પહારના પ્રભાવથી મૂર્છિત થયેલા રાજા અને પ્રધાનને જોયા. રાજવૈદ્યને બોલાવી અનેક ઉપચાર કરવા છતાં તેઓ જાગૃત ન થયા.

બીજે દિવસે બન્નેને ભાન આવ્યું તો તેઓ શિયાળની જેમ લાળી કરવા લાગ્યા. આ સ્થિતિ જોઈને લોકો અત્યંત દુ:ખી થયા. રાજા અને પ્રધાનની સ્થિતિ દિવસે દિવસે બગડતી ચાલી. તેઓ ક્યારેક નાગા બનીને નાચવા લાગતા, ક્યારેક પોતાનાં કપડાં ફાડતા, ક્યારેક કાદવમાં આળોટતા, તો ક્યારેક એકબીજાને ભેટીને રુદન કરતા. આ સ્થિતિ જોઈને નગરમાં હાહાકાર મચી ગયો.

અજાણ્યા બની અંબડે માલણને નગરમાં મચેલા ઉપદ્રવ વિશે પૂછ્યું. માલણે કહ્યું : 'આ બધી તમારી જ માયા છે. હવે કૃપા કરી આ સર્વ ઉપદ્રવ શાંત કરો. લોકોએ સારા પ્રમાણમાં તમારો ચમત્કાર જોઈ લીધો છે.'

આ પછી અંબડે બધાં દ્વાર પૂર્વવત્ સ્થિર કરી દીધાં. લોકોને જાણ થતાં તેઓ અંબડ સમીપ આવ્યા અને નગર અને રાજા વગેરેને બચાવી લેવાની વિનંતિ કરી.

અંબડે કહ્યું : 'હું માગું તે મને આપવામાં આવે તો હું આ ઉપદ્રવ શાંત કરી દઉં.'

લોકોએ કહ્યું : 'તમારી જે ઇચ્છા હશે તે મળશે.'

અંબડે કહ્યું : 'આ ઉપદ્રવની મુક્તિના બદલામાં હું દેવપત્તનનું અર્ધું રાજ્ય લઈશ, રાજકુમારી સાથે લગ્ન કરીશ અને મુખ્ય પ્રધાનના ઘરમાં રહેલો 'રવિચંદ્ર દીપક' લઈશ.

લોકોએ તે સર્વ આપવાનું કબૂલ્યું એટલે અંબડે થોડો આડંબર કરી પોતાના વિદ્યાબળ વડે રાજા અને પ્રધાનને સ્વસ્થ કરી દીધા. લોકોએ રાજા અને મુખ્ય પ્રધાનને બધી વાત જણાવી. રાજા દેવચંદ્ર એ આનંદથી પોતાનું અડધું રાજ્ય અંબડને આપ્યું અને રાજકુમારી મંદારવતીનું લગ્ન અંબડ સાથે કરાવી દીધું. વૈરોચન મંત્રીએ પણ પોતાનો દિવ્ય 'રવિચંદ્ર દીપક' અંબડને આપ્યો તથા પોતાની પુત્રી કરમંજરીનું લગ્ન પણ તેની સાથે કરાવી દીધું.

પછીથી પોતાની ત્રણે પત્નીઓ અને રવિચંદ્ર દીપક લઈને અંબડ સિંહપુર પાસે આવ્યો.

ત્યાં તેણે એક સ્ત્રીને બાળકના શબ પાસે કરુણ વિલાપ કરતી જોઈ, અંબડે એની પાસે જઈને એના રુદનનું કારણ પૂછતાં તેણે જણાવ્યું : 'હું સિંહપુરના ઉદ્યાન-રક્ષકની પુત્રી છું. મારાં માતાપિતાએ મારાં લગ્ન આ જ નગરમાં કર્યા હતાં. મને એક પુત્ર થયો. એક દિવસ હું પિયર આવી તો મારી પાછળ જ મારો પુત્ર મરી ગયો. હવે પુત્રમરણથી દુઃખી થયેલી હું પણ મારા પુત્ર સાથે બળી મરી પ્રાણત્યાગ કરીશ.'

અંબડે ઉદ્યાનરક્ષકની પુત્રીને સમજાવતાં સંસારની નશ્વરતા અને જન્મમરણની અનિવાર્યતા બાબત જણાવ્યું.

આ સાંભળી ઉદ્યાનરક્ષકની પુત્રીએ કહ્યું : 'હું તે બધું સમજું છું. મને તો એ જ વાતનું દુઃખ છે કે હું એના મરણ વખતે હાજર ન રહી શકી. અરે ! હું તેની સાથે વાત પણ ન કરી શકી.'

આ સાંભળી અંબડે કહ્યું : 'તારો મરેલો પુત્ર તારી જોડે એકવાર વાર્તાલાપ કરે તો તું એની સાથે બળી મળીશ કે નહીં ?'

ઉદ્યાનરક્ષકની પુત્રીએ કહ્યું : 'જો તેમ થશે તો હું એની સાથે બળી મળીશ નહીં.'

પછી થોડીવાર માટે ત્યાંથી એક એકાંત સ્થળે ચાલી જઈ ત્યાંથી ગુપ્તપણે અંબડે પરકાયાપ્રવેશ વિદ્યાના બળે પોતાના આત્માને મૃતક પુત્રમાં પ્રવેશ કરાવી થોડીવાર માટે એને સજીવન કર્યો. ઉદ્યાનરક્ષકની પુત્રીએ એની સાથે વાતચીત કરી. ત્યાર પછી અંબડે એના શરીરમાંથી પોતાનો આત્મા કાઢી લેતાં તે ફરી મૃત્યુ પામ્યો. પછી બન્નેએ મળીને બાળકના અંતિમ સંસ્કાર કર્યા. અંબડ તે પછી ઉદ્યાનરક્ષકની પુત્રી સાથે તેને ઘેર આવ્યો.

માલણે અંબડનો વિશેષ સત્કાર કર્યો. તે દરરોજ ફૂલ-માલા લઈને રાજમહેલમાં જતી હતી તેની અંબડે નોંધ લીધી.

ધીરે ધીરે નગરમાં એ વાત ફેલાઈ કે ઉદ્યાનરક્ષકને ત્યાં એક એવો પુરુષ આવ્યો છે કે જેણે તેના મૃત બાળકને થોડીવાર માટે જીવતો કર્યો હતો. રાજકુમારી રોહિણીએ જ્યારે આ વાત સાંભળી ત્યારે માલણને આ અંગે પૃચ્છા કરી. માલણે સર્વ વૃત્તાન્ત જણાવી અંબડની પ્રશંસા કરી અને એનાં રૂપગુણનાં ગુણગાન કર્યાં. રોહિણીએ અંબડને માલણ દ્વારા પ્રણામ કહેવડાવ્યા.

બીજે દિવસે અંબડે ફૂલની કંચુકી બનાવી તે માલણ સાથે રાજકુમારી રોહિણીને મોકલાવી. પુષ્પ કંચુક મળતાં જ રોહિણીને તપસ્વિની વાત યાદ આવી. તેણે તરત જ પોતાના ભાઈ સમરસિંહને સર્વ વૃત્તાન્ત જણાવ્યો અને પોતાનાં લગ્ન અંબડ સાથે કરાવવા જણાવ્યું. રાજા સમરસિંહે પોતાની બહેન રોહિણીનું લગ્ન ખૂબ ધામધૂમથી અંબડ સાથે કરી દીધું.

આ પછી અંબડ પોતાના નગર રથનૂપુર પાછો આવ્યો. ત્યાં થોડા દિવસ રહ્યા પછી અંબડે ગોરખયોગિની પાસે જઈને 'રવિચંદ્ર દીપક' સમર્પિત કર્યો. ત્યારબાદ તે સ્વગૃહે આવીને તે સુખપૂર્વક રહેવા લાગ્યો.

**'સ્વાર્થસિદ્ધ દંડ'ની પ્રાપ્તિ**

થોડા દિવસ બાદ અંબડે ગોરખયોગિની પાસે જઈ છઠ્ઠો આદેશ આપવાની વિનંતી કરી.

ગોરખયોગિનીએ અંબડને છઠ્ઠો આદેશ આપતાં કહ્યું : 'સૌવીર દેશમાં સિંધુ નામનો પર્વત છે. પર્વતની તળેટીમાં કોડિન્ન નામનું નગર છે. ત્યાં દેવચંદ્ર નામનો રાજા રાજ્ય કરે છે. ત્યાં વેદવેદાંગ પારગામી સોમેશ્વર નામનો બ્રાહ્મણ રહે છે. તે બ્રાહ્મણ પાસે 'સ્વાર્થસિદ્ધ દંડ' છે. તું તે દંડ લઈ આવ.'

આદેશ મળતાં જ અંબડે કોડિન્ન નગર તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં નદી આવી. અંબડે એક કૌતુક જોયું : એક કેળના પત્રથી ઢંકાયેલી ઝૂંપડી જળ ઉપર તરતી જતી હતી. ઝૂંપડી પાછળ એના રક્ષપાલ જેવો યોગી બેઠો હતો. પાસે જ

એક હરણી બાંધેલી હતી. યોગી હરણીને પંખાથી પવન નાખતો હતો.

આ રહસ્યમય દૃશ્ય હતું. અંબડે ભયંકર વિકરાલ સ્વરૂપ ધારણ કર્યું અને ઝૂંપડીને ત્યાંજ સ્થંભિત કરી દીધી. યોગી પર આક્રમણ કર્યું અને એને લઈ તે આકાશમાં ઊડ્યો. આકાશમાં બન્ને વચ્ચે યુદ્ધ થયું. અંતે અંબડના હાથે યોગી માર્યો ગયો.

યોગીને મારીને અંબડ ઝૂંપડી પાસે આવ્યો અને તેમાં પ્રવેશ્યો. ત્યાં એણે હરણીને સોનાની સાંકળથી બંધાયેલી જોઈ. બે સુવર્ણપુરુષ, બે રત્નકુંડલ અને એક એક રક્ત અને શ્વેત કંબા ત્યાં પડેલા જોયાં. પ્રથમ અંબડે પેલી રક્ત કંબા ઉઠાવી હરણીને અડાડી. કંબાના સ્પર્શથી તે હરણી સુંદર તરુણી બની ગઈ. અંબડે તે સુંદરીને પૂછ્યું :

'તું કોણ છે ? તું આ યોગીના હાથમાં કેમ આવી પડી ? આ સુવર્ણપુરુષ વગેરેનું રહસ્ય શું છે ?'

અંબડે આમ પૃચ્છા કરતાં તે સુંદરીએ પોતાનો વૃત્તાન્ત કહેવા માંડ્યો :

બંગદેશમાં ભોજકટક નામના નગરના રાજા વૈરસિંહની હું રત્નવતી નામે પુત્રી છું. એક દિવસ વિપરિત શિક્ષણ મેળવેલા અશ્વ પર આરુઢ થઈ હું પિતાના આદેશથી પારો લેવા 'વિલાસકૂપ' જઈ રહી હતી તે વખતે વનમાં મને એક યોગીએ જોઈ. તે મારા રૂપથી મોહિત થઈ ગયો. આ યોગી એક દિવસ મારા પિતા રાજા વૈરસિંહની રાજસભામાં આવ્યો. પોતાનો

પ્રભાવ જમાવવા યોગીએ રાજસભામાં એક કેળનું વૃક્ષ પ્રગટ કર્યું. રાજા અને દરબારીઓ ચકિત થઈ ગયા. પછી પેલા યોગીની સૂચના અનુસાર મારા પિતાએ કેળને વચ્ચેથી ચીરી નાખી એટલે એમાંથી સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ એક સુંદર નવયૌવના સુંદરી નીકળી. રાજા મુગ્ધ થઈ એના તરફ જોઈ રહ્યો.

રાજાએ યોગીને આ સુંદરી માત્ર ઇન્દ્રજાલરૂપ છે કે વાસ્તવિક છે એમ પૃચ્છા કરતાં યોગીએ કહ્યું : 'રાજન્, આ મણિવેગ વિદ્યાધરની પુત્રી રત્નમાલા છે. હું તેને તમારી જોડે પરણાવવા જ અહીં લાવ્યો છું. પૂર્વે તમારે મારું એક કાર્ય કરવું પડશે.'

રાજાએ યોગીને તેના કામ બાબત પૂછ્યું તો યોગીએ જણાવ્યું : 'રાજન્, હું એક મહાન સાધના કરી રહ્યો છું. આવતી આઠમને સાંજે મારી સાધના પૂર્ણ થશે. તે દિવસે આપ આપની પુત્રી રત્નવતી સાથે શ્રીપૂર્ણા નદીના કિનારા પર પધારજો અને સાધનાના ઉત્તર સાધક બની મારી સાધના પૂર્ણ કરાવશો.'

રાજાએ એની વાતનો સ્વીકાર કર્યો. યોગી આ પછી સ્વસ્થાને ગયો.

આ વાતની મહામંત્રીને ખબર પડતાં તેણે રાજાને કહ્યું : 'આપે આ શું કર્યું? આ યોગી મહાનિર્દય અને મહાધૂર્ત લાગે છે. એટલે રાજકુમારી રત્નવતીને સાથે આપનું ત્યાં જવું યોગ્ય નથી.'

રાજાએ કહ્યું : 'તમારી વાત તો સાચી છે. પણ મેં તેને વચન આપ્યું છે એટલે શું થાય ? જે થવાનું હશે તે થશે. પણ વચનભંગ થવો ન જોઈએ.'

યથાસમયે યોગી રાજાને બોલાવવા આવ્યો. એકલા રાજાને આવવા તૈયાર થતો જોઈને યોગીએ રાજાને પૂછ્યું : 'શુ તમારી જોડે તમારી પુત્રી આવતી નથી ?'

રાજાએ કહ્યું : 'હે યોગીરાજ, તેને ત્યાં આવવાની શી જરૂર છે ?'

ત્યારે ગુસ્સે થઈને યોગીએ કહ્યું : 'આપ વચનભંગ કરશો તો એનું પરિણામ સારું નહીં આવે. તમારી પર કોઈ આપત્તિ આવી પડશે. વળી, રાજકુમારી વિના મારી સાધના–વિદ્યા સિદ્ધ થશે નહીં.'

ભયભીત થયેલો રાજા વૈરસિંહ પોતાની પુત્રીને લઈને તે યોગી સાથે શ્રીપૂર્ણા નદીને કિનારે ગયો. યોગીએ માર્ગમાં વનમાંથી રક્ત અને શ્વેત કંબા લઈ લીધી. અમને લઈને યોગી પર્વતની ગુફામાં આવ્યો. ત્યાં એક કુંડમાં અગ્નિ બળી રહ્યો હતો. યોગી ત્યાં બેસીને યજ્ઞ કરવા લાગ્યો. અમે બન્ને પિતા-પુત્રી પણ ત્યાં બેસી ગયાં. યજ્ઞ પૂર્ણ થયા પછી તે અમને પોતાની ઝૂંપડીમાં લઈ ગયો. ત્યાં તેણે મને શ્વેત કંબા ફટકારી એટલે હું હરણી બની ગઈ. યોગીએ મને સોનાની સાંકળથી બાંધી દીધી. યોગી મારા પિતાને લઈને પાછો પેલા અગ્નિકુંડ પાસે આવ્યો અને મારા પિતાને ત્રણ ગુટિકા આપીને કહ્યું : 'આ ત્રણ ગુટિકા તમે એક પછી એક અગ્નિમાં નાંખજો અને

દરેક વખતે મને પ્રણામ કરીને કહેજો: મારા સાન્નિધ્યથી યોગની વિદ્યા સિદ્ધ થાઓ.'

મારા પિતાએ પણ તેમ કરવાનું સ્વીકાર્યું. હવે છેલ્લી વખતે મારા પિતાએ યોગીને પ્રણામ કર્યા. તે વખતે તે યોગીએ મારા પિતાને અગ્નિકુંડમાં નાખી દીધા. તત્કાલ મારા પિતા સુવર્ણપુરુષ બની ગયા. પોતાનું કાર્ય પૂર્ણ થતાં તે યોગી સુવર્ણપુરુષ અને મને લઈ ઝૂંપડી સહિત નદી કિનારે આવ્યો અને પાણીમાં ઝૂંપડી ચલાવતો જતો હતો એટલામાં તમે મળ્યા. તે પછી જે થયું તેની તો તમને ખબર છે. તમે તે યોગીને મારી નાખી મારા પર મહાન ઉપકાર કર્યો છે.'

આ સાંભળી અંબડે કહ્યું: 'હે સુંદરી, મેં તમારો સર્વ વૃત્તાન્ત જાણ્યો પણ આ કુંડલોનું શું રહસ્ય છે?'

રત્નવતીએ કહેવાનું શરુ કર્યું:

'એ કુંડલોનું રહસ્ય યોગીએ મને બતાવ્યું હતું. એક વખતે યોગીએ પોતાની આરાધનાથી કાલિકાદેવીને પ્રસન્ન કરી. કાલિકાદેવીએ સ્વયં પ્રગટ થઈને આ બે કુંડલો યોગીને આપ્યાં. આ કુંડલોમાંથી એક કુંડલ આકાશમાં ફેંકવામાં આવે તો તે એક વર્ષ સુધી ચંદ્ર જેવો પ્રકાશ આપે અને બીજા કુંડલને ફેંકવામાં આવે તો તે બે વર્ષ સુધી સૂર્ય જેવો પ્રકાશ આપે.'

આમ બધું રહસ્ય રાજકુમારી પાસેથી જાણ્યા પછી અંબડે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. અંબડનું દિવ્ય રૂપ જોઈને રાજકુમારી રત્નવતી એના પર મોહિત થઈ ગઈ. રાજકુમારીની ઇચ્છાથી અંબડે એની સાથે ગાંધર્વ લગ્ન કર્યાં.

પછી રત્નવતીએ પોતાના પિતૃગૃહે ભોજકટક નગરે જઈ પોતાના ભાઈ સમરસિંહને મળવાની ઇચ્છા વ્યક્ત કરતાં અંબડ રત્નવતીને લઈને આકાશ માર્ગે ભોજકટક નગરે પહોંચ્યો. પણ આખું નગર તો દુશ્મનના લશ્કરથી ઘેરાયેલું હતું. નગરને બચાવવાની રત્નવતીની વિનંતીથી અંબડે તરત જ ભયંકર રૂપ ધારણ કર્યું અને હાથમાં મુદ્દગર લઈ લશ્કર પર આક્રમણ કર્યું. દુશ્મનના સૈનિકો જીવ લઈને નાઠા. આ પછી રત્નવતીએ નગરમાં જઈ પોતાના ભાઈ સમરસિંહને મળીને અંબ્બડનો સર્વ વૃત્તાન્ત જણાવ્યો. એટલે સમરસિંહે ધામધૂમપૂર્વક અંબડને નગરપ્રવેશ કરાવ્યો. તે આખું રાજ્ય અંબડે સમરસિંહને સોંપ્યું. એનો સમરસિંહે સહર્ષ સ્વીકાર કર્યો. સમરસિંહે પણ પોતાની બેનને ધામધૂમપૂર્વક અંબડ સાથે પરણાવી. અંબડ કેટલાક દિવસ રત્નવતી સાથે આનંદમાં પસાર કરતો ત્યાં જ ભોજકટક નગરમાં રહ્યો.

એક દિવસ રાત્રે રત્નવતીને સૂતી મૂકીને અંબડ આકાશમાર્ગે કોડિન્ન નગર તરફ ચાલી નીકળ્યો. નગરમાં પહોંચ્યા પછી રસ્તામાં જતા કોઈ પથિકોને એણે સોમેશ્વર બ્રાહ્મણના ઘર અંગે પૃચ્છા કરી, તો તેઓએ જણાવ્યું કે તે નગરમાં સોમેશ્વર નામના અનેક બ્રાહ્મણો વસે છે. નિરાશ થયેલો અંબડ ત્યાં સમીપમાં આવેલ કામદેવ યક્ષના મંદિરમાં જઈને રહ્યો. પણ રાત્રે એને ચિંતામાં ઊંઘ ન આવી. એટલે તે ચારે બાજુ નજર નાખતો તે મંદિરમાં બેસી રહ્યો. મધ્ય રાત્રિએ અંબડે એક યુવતીને તે મંદિરમાં પ્રવેશતી જોઈ. તેને જોઈને, ચમકેલો અંબડ એની ચેષ્ટા જોવા છુપાઈ ગયો.

તે યુવતી એક પૂતળી પાસે જઈ ઊભી રહી, એટલે તે પૂતળી સજીવ થઈને ગુસ્સે થઈને એને કહેવા લાગી :

'ચન્દ્રકાન્તા, આજે આટલી મોડી કેમ આવી ?' ત્યારે ચન્દ્રકાન્તાએ કહ્યું : 'મારા પિતા સોમેશ્વર રાજા પાસેથી હમણાં જ ઘેર આવ્યા. એટલે હું આટલી મોડી આવી છું.'

પછી તે પૂતળી ચન્દ્રકાન્તા સાથે નૃત્ય કરવા લાગી.

આ જોઈને અંબડે પ્રગટ થઈને તે બન્ને યુવતીઓને પૂછયું : 'અરે બાલાઓ ! અહીં શું કરો છો ?'

આ સાંભળી પહેલાં તો બન્ને ગભરાઈ ગઈ. પણ પછીથી ચન્દ્રકાન્તાએ પૂછયું : 'હે સજ્જન, પ્રથમ આપ કહો. આપ કોણ છો ?'

અંબડે સમીપમાં આવી કહ્યું : 'હું એક પંચશીર્ષ નામનો પથિક છું.'

આ પછી પૂતળીએ ચન્દ્રકાન્તાને કહ્યું : 'જો તું આવતી હોય તો મારું મન આજે વાસવદત્તાને ઘેર જવાનું છે.'

ચન્દ્રકાન્તાએ કહ્યું : 'જઈએ તો સારું. પણ આજે કોઈ સારથિ હાજર નથી.'

પૂતળીએ કહ્યું : 'અરે ! આ પથિક પંચશીર્ષ આપણો સારથિ થશે.'

એટલે ચન્દ્રકાન્તાએ પંચશીર્ષને પૂછયું : 'શું તમે અમારા સારથિ બનીને અમારી સાથે પાતાલનગરી આવશો ?'

અંબડે કહ્યું : 'હું સારથિ બનીને આવીશ. પણ તમારે મને મનવાંછિત વિદ્યા શીખવવી પડશે.'

એ વાતનો તેઓએ સ્વીકાર કરતાં ત્રણે જણ તે મંદિરની બહાર આવ્યાં. ત્યાં અંબડે એક બાળકને રમવાયોગ્ય બળદ વગરનો એક રથ પડેલો જોયો. પેલી બન્ને યુવતીઓ એમાં બેસી ગઈ અને અંબડને સારથિ બનીને રથ હાંકવાની સૂચના આપી.

અંબડે કહ્યું : 'બળદ વિના હું સારથિ બનીને શું કરીશ?'

ત્યારે તેઓએ કહ્યું : 'એની તમે શા માટે ચિંતા કરો છો? તે એની જાતે જ ચાલશે'.

એ પછી અંબડ રથમાં સારથિના સ્થાને બેસી ગયો. અને એ વખતે એણે પોતાની વિદ્યાથી રથ સ્થંભિત કરી દીધો. બન્નેએ રથ ચલાવવા માટે પોતાની વિદ્યાનો પ્રયોગ કર્યો. પણ રથ ચાલ્યો નહીં. એટલે તે બન્ને સમજી ગઈ કે આ કરામત પંચશીર્ષની છે. તેમણે પંચશીર્ષને પૂછ્યું : 'હે સારથિ, તમે રથ કેમ અટકાવી દીધો છે?'

અંબડે કહ્યુ : 'પહેલાં તમે મને બળદ વિના રથ ચલાવવાનો મંત્ર શિખવાડો. પછી હું આ રથને મારા વિદ્યા-પ્રભાવથી મુક્ત કરીશ.'

બન્નેએ તે મંત્ર-વિદ્યા અંબડને શિખવાડી. એટલે અંબડે રથને મુક્ત કરતાં તે વાયુવેગે ચાલવા લાગ્યો. રથ ચાલતો ચાલતો વાસવદત્તાના ઘેર આવી પહોંચ્યો. વાસવદત્તાએ બન્નેનું સ્વાગત કર્યું. વાસવદત્તાએ પૂછતાં તે બન્નેએ અંબડને પોતાના નવા સારથિ પંચશીર્ષ તરીકે ઓળખાવ્યો.

ત્રણે સખીઓ વાતચીત કરતી હતી એટલામાં બીજી એક સખી નાગશ્રી ત્યાં આવી પહોંચી. પછી ચારેય સખીઓ તથા સારથિ નાગશ્રીના ઘેર આવ્યાં. નાગશ્રીએ પણ બધાંનો સારો સત્કાર કર્યો. ચન્દ્રકાન્તાની સૂચનાથી અંબડે તે દરેક સખીને એક એક પાનનું બીડું આપ્યું. અંબડે બધાં જ પાનનાં બીડાં મંત્ર્યા હતા. એટલે પાન ખાતાં જ ચારે હરણીઓ બની ગઈ.

પાતાલલોકમાં હાહાકાર મચી ગયો. પંચશીર્ષ હરણીરૂપ ચન્દ્રકાન્તાને લઈ કોડિન્નપુર આવ્યો. તેણે હરણીરૂપમાં જ ચન્દ્રકાન્તાને નગરમાં છોડી મૂકી તે હરણીરૂપે જ પોતાના પિતાને ઘેર આવી.

આ વિચિત્ર વાત રાજગૃહે પહોંચી ગઈ કે રાજપુરોહિતની પુત્રી હરણી બની ગઈ છે. આ સાંભળી વિસ્મય પામેલો રાજા રાજપુરોહિતના ઘેર જવા પોતાના મહેલની બહાર નીકળ્યો. ત્યાં તેણે રસ્તા પરથી પસાર થતા બળદ વિનાના રથમાં બેઠેલા અંબડને જોયો. આ જોઈ ચમકેલા રાજાએ અંબડને પૂછ્યું : 'આપ શું કોઈ દેવલોક કે વિદ્યાધર છો ? બળદ વિના રથ કેવી રીતે ચલાવો છો ?'

અંબડે કહ્યું : 'હું એક વિદ્યાધર છું.'

પછી રાજાએ અંબડને પોતાના રાજપુરોહિતની પુત્રી હરણી બની ગઈ છે એને ફરીથી માનવ બનાવવાની વિનંતી કરી. આથી રાજા અને અંબડ રાજપુરોહિતના ઘેર આવ્યા. હરણી બનેલી ચન્દ્રકાન્તાને જોઈને અંબડે કહ્યું : 'હું એનો ફરીની સ્ત્રી બનાવી દઉં તો તમે મને શું આપશો ?'

રાજાએ કહ્યું : 'તમે જે માગશો તે આપીશું.'

અંબડે કહ્યું : 'આ કાર્યના બદલામાં રાજપુરોહિત સોમેશ્વરના ગૃહમાં રહેલો સર્વાર્થસિદ્ધિ દંડ મને આપવો પડશે.'

રાજા વગેરેએ એનો સ્વીકાર કર્યો. એટલે અંબડે રક્ત કંબા વડે ચન્દ્રકાન્તાને ફરીથી સ્ત્રી બનાવી દીધી.

સોમેશ્વરે હર્ષપૂર્વક 'સર્વાર્થસિદ્ધિ દંડ' સહિત પોતાની પુત્રી અંબડને પરણાવી. પછી ચન્દ્રકાન્તાના કહેવાથી અંબડે પાતાલલોકમાં જઈને એની પેલી ત્રણ સખીઓને પણ ફરી સ્ત્રી બનાવી દીધી.

અંબડ ચન્દ્રકાન્તાને લઈને કોડિન્ન નગર આવ્યો. ત્યાંથી દેવચંદ્રનૃપની આજ્ઞા લઈને ભોજકટક નગરે આવ્યો. અને ત્યાંથી રત્નવતી વગેરેને લઈને પોતાના નગર રથનૂપુર આવ્યો. થોડા દિવસ બાદ તે ગોરખયોગિની પાસે ગયો. અને સર્વાર્થ સિદ્ધિ દંડ તેને સમર્પણ કર્યો. યોગિનીને પ્રણામ કરી અંબડ પોતાના ઘેર પાછો ફર્યો અને ત્યાં પોતાની પત્નીઓ જોડે સુખપૂર્વક રહેવા લાગ્યો.

### મુગટવસ્ત્રહરણ

થોડા દિવસ પછી પાછો અંબડ ગોરખયોગિની પાસે ગયો અને પ્રણામ કરીને સાતમા આદેશની માગણી કરી.

ગોરખયોગિનીએ સાતમો આદેશ આપતાં કહ્યું : 'વીર અંબડ! દક્ષિણ દિશામાં આવેલા સોપારક નામના નગરમાં ચંડીશ્વર નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાના મુકુટમાં એક વસ્ત્ર છે. તું તે વસ્ત્ર લઈ આવ'.

યોગિની પાસેથી આદેશ મળતાં અંબડ દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યો. અને થોડા વખતમાં સોપારક નગર નજીક આવી પહોંચ્યો. ત્યાં સમીપમાં એક ફૂલ અને ફળોથી લદાયેલ બગીચો જોઈને તે બગીચામાં પ્રવેશ્યો. ફળ લેવા જેવો તેણે હાથ લંબાવ્યો કે ત્યાં રહેલા વાનરે માનવ ભાષામાં તેને કહ્યું: 'હે સજ્જન પુરુષ, પહેલાં મારી વાત સાંભળો. તે પછી તમે ફળ લેજો. જો તે પહેલાં ફળ તોડશો તો કદરૂપા થઈ જશો.'

આ સાંભળી અંબડ થોડીવાર ચૂપ રહ્યો. અને પછી એણે વાનરને કહ્યું: 'તારે જે કહેવું હોય તે કહે.'

વાનરે કહ્યું: 'આ બગીચાની દક્ષિણે તુંબગિરિ નામનો પર્વત છે. ત્યાં એક આંબાનું વૃક્ષ છે. પહેલાં તેનું ફળ લઈ આવો અને પછી આ ફળ લેજો.'

અંબડ તે પ્રમાણે તુંબગિરિ પર રહેલા આંબાના વૃક્ષ પાસે પહોંચી ગયો. ત્યાં પહોંચી અંબડે કેરી તોડવા માટે જેવો હાથ લંબાવ્યો કે તરત આંબાની ડાળી ઊંચી ચાલી ગઈ. તે જોઈને અંબડ ઝાડ પર ચઢી ગયો કે તરત તે ઝાડ આકાશમાં ઊડવા લાગ્યું. તે ઝાડ ઊડતું ઊડતું નંદનવનમાં આવીને અટકી ગયું. અંબડ ઝાડ પરથી નીચે ઊતર્યો. તેણ ચારે તરફ નજર ફેરવી તો તેણે સમીપમાં એક અગ્નિકુંડ જોયો.

તે અગ્નિકુંડમાં થઈને અનેક પુરુષો અને સ્ત્રીઓ આવન–જાવન કરી રહ્યાં હતાં. મૃદંગનો અવાજ આવી રહ્યો હતો. આ બધું જોઈને અંબડ વિસ્મય પામીને વિચારતો હતો ત્યાં એક દિવ્ય પુરુષ તેની પાસે આવી પહોંચ્યો.

તેણે અંબડને કહ્યું : 'હે સજ્જન', તે વાનર અને આંબાનું ઝાડ કેવું લાગ્યું ?'

પછી અંબડે આ બધી બાબત પૃચ્છા કરતાં તેણે સવિસ્તાર કહેવા માંડયું :

પાતાલલોકમાં લક્ષ્મીપુર નામે નગર છે, ત્યાં હંસ નામનો રાજા રાજ્ય કરે છે. તે હંસ હું છું. તમને અહીં લાવવા માટે જ મેં વાનર અને આંબાના ઝાડનું રૂપ ધારણ કર્યું હતું. તમને અત્રે લાવવાનું વિદ્યાધરોએ મને કામ સોંપ્યું હતું. તો એનો પૂર્વ વૃત્તાન્ત તમે સાંભળો :

શિવશંકરનગરમાં શિવશંકર નામનો રાજા રાજ્ય કરે છે. તેને પુત્ર ન હતો. તેણે પુત્ર મેળવવા અનેક ઉપાય કર્યા પણ પુત્ર મળ્યો નહીં.

હવે એક દિવસ વિશ્વદીપ તપસ્વીએ રાજાની ભકિતથી પ્રસન્ન થઈ એક ફળ આપ્યું અને જણાવ્યું કે રાજા અને રાણી બન્ને મળીને આ ફળ ખાજો, તો તમને સંતાન પ્રાપ્તિ થશે. પણ શિવશંકર એકલાએ જ તે ફળ ખાધું. આના પ્રભાવથી થોડા દિવસ પછી રાજાના પેટમાં ગર્ભ રહ્યો. શરમને કારણે રાજા મહેલમાં જ સંતાઈ રહ્યો. સાતમા માસે રાજાના પેટમાં પીડા થવા લાગી. આ પીડાથી રાજાનો પ્રાણ કંઠે આવી લાગ્યો. બધા વિદ્યાધરો આનો ઉપાય કરવા અંગે વિચારવા લાગ્યા. અંતે એક વિદ્યાધરે ધરેણેન્દ્રની આરાધના કરવાનું સૂચવ્યું. એટલે શિવશંકરના નાના ભાઈએ ધરણેન્દ્રની આરાધના શરૂ કરી. ધરણેન્દ્રે પ્રગટ થઈ પાર્શ્વનાથના મંત્રથી મંત્રિત

પાણી આપી તે શિવશંકરને પાવાનો આદેશ આપ્યો. આ પાણી પીતાં રાજાના પેટનું દુઃખ શાંત થઈ ગયું. સાડા આઠ મહિના પૂર્ણ થતાં ફરી પાછી પેટમાં પીડા ઊપડી. ધરણેન્દ્રની આરાધના કરતાં તેમણે મંત્રિત જળ આપ્યું. એ પીવાથી રાજાએ સુખેથી પુત્રને જન્મ આપ્યો. રાજા પુત્રજન્મ પછી તરત મૃત્યુ પામ્યો.

ધરણેન્દ્રે આવીને તે પુત્રને રાજસિંહાસન પર બેસાડ્યો. અને ધરણેન્દ્ર ચૂડામણી નામ આપ્યું અને એણે આ પાતાલનગરીની સ્થાપના કરી. આ અગ્નિકુંડમાં થઈને પાતાલ નગરી જવાનો માર્ગ છે. વળી ધરણેન્દ્રે એક જિનપ્રસાદ બનાવ્યો છે. એમાં સર્વ વિઘ્નહર્તા એવા પાર્શ્વનાથની મૂર્તિની સ્થાપના કરી. વળી ધરણેન્દ્ર બધા વિદ્યાધરોને સૂચના આપી કે સોળ વર્ષથી વધારે ઉંમરનો કોઈ પણ વિદ્યાધર ચાર પર્વતિથિએ ભગવાનની સ્તુતિ કર્યા વગર ભોજન કરશે તો તેને કોઢ થશે અને એની વિદ્યાઓ નષ્ટ થઈ જશે. ધરણેન્દ્રે ધરણેન્દ્રચૂડામણિ માટે ચન્દ્રકાન્તામણિનું સિંહાસન ભેટ આપ્યું. આ પછી ધરણેન્દ્ર પોતાના ભુવન પાછા ગયા.

આજે આઠમનો દિવસ છે એટલે વિદ્યાધરો નૃત્ય–ગાન વગેરે કરે છે.' ત્યારબાદ રાજા હંસ સાથે અંબડ તે જિનમંદિરમાં ગયો. અંબડ પાર્શ્વનાથની પ્રતિમા જોઈને હર્ષ પામ્યો. અંબડે ભગવાનની સ્તુતિ કરી. હંસે આગળનો વૃત્તાન્ત જણાવતાં કહ્યું :

'એક દિવસ પર્વના–તિથિના દિવસ રાજા ધરણેન્દ્ર ચૂડામણિએ ભગવાનની સ્તુતિ વંદણા કર્યા વિના ભોજન કરી લીધું.

એટલે એની બધી વિદ્યા નષ્ટ થઈ ગઈ અને એને શરીરે કોઢ નીકળ્યો.

રાજાએ ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. એણે પ્રગટ થઈ ગુસ્સે થઈને કહ્યું : 'હે મુર્ખ, તે કેમ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ? હવે હું તને કોઈ મદદ કરી શકું એમ નથી'. આમ કહી તે અદશ્ય થઈ ગયા.

આ પછી રાજા ધરણેન્દ્ર ચૂડામણિની પત્ની ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરીને ધરણેન્દ્રના જાપ કરવા બેઠી. આજે એના ઉપવાસનો એકવીસમો દિવસ છે. રાણીનો જીવ ગળે આવી ગયો ત્યારે ધરણેન્દ્ર ક્રોધનો ત્યાગ કરી એને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને રાણીને જણાવ્યું કે 'સોપારક નગરની નજીક બ્રહ્માવાટિકામાં આજે અંબડ નામનો સિદ્ધ પુરુષ આવશે. તે સિદ્ધ પુરુષને તું અહીં લઈ આવ. તે જ તારા પતિને–રાજાને કોઢમુક્ત કરી શકશે.' હે અંબડ, આપને અહીં સુધી લઈ આવવાનું કાર્ય વિદ્યાધરોએ મને સોંપ્યું હતું. તો હવે તમે મારી સાથે પાતાળલોકના લક્ષ્મીપુર નગરમાં ચાલો અને રાજાને રોગ મુક્ત કરો.'

અંબડ રાજા હંસ સાથે અગ્નિકુંડ દ્વારા લક્ષ્મીપુર આવ્યો. અંબડે ધરણેન્દ્રચૂડામણિને કોઢગ્રસ્ત જોયો. એટલે તેની પાસે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજા તથા ધરણેન્દ્રની ભક્તિ કરાવી. દાન પુણ્ય વગેરે કરાવ્યાં. પછી રાજાને મંત્રિત પાણી પિવડાવ્યું એટલે રાજા તરત જ નિરોગી થઈ ગયો નગરમાં ઉત્સવ કરવામાં આવ્યો. રાણીએ પણ અંબડનો આભાર

માન્યો. રાજા ધરણેન્દ્ર ચૂડામણિએ પોતાની પુત્રી મદન-મંજરીનું લગ્ન અંબડ સાથે કરાવી દીધું. તથા પોતાનું ચન્દ્રકાન્તા-મણિથી જડેલું સિંહાસન પણ ભેટ આપ્યું.

અંબડ થોડા દિવસ લક્ષ્મીપુર રહ્યો. અને વિદ્યાધરો પાસેથી અનેક પ્રકારની વિદ્યાઓ શીખ્યો. પછી મદનમંજરીને લઈ અંબડ સોપારક નગરમાં આવ્યો. અહીં તેણે ઘણા ચમત્કાર બતાવીને ત્યાંની પ્રજાને ચમકાવી દીધી. પણ તે રાજ-મહેલમાં પ્રવેશ કરી શકયો નહીં. પણ વસંતઋતુ આવતાં વસંતોત્સવ ઊજવવા માટે લોકો બ્રહ્મવાટિકામાં આવ્યાં ત્યારે રાજકુટુંબ સાથે રાજકુમારી સુરસુંદરી પણ ક્રીડા અર્થે અહીં વાટિકામાં આવી. અંબડે ત્યાં જઈને રાજકુમારીને પોતાના પ્રત્યે મોહિત કરી દીધી અને પોતે યોગીનો વેશ ધારણ કરી સુરસુંદરી પાસે ગયો. તેને જોઈને સુરસુંદરી બધું ભૂલીને અંબડ તરફ મુગ્ધભાવે જોઈ રહી અને ત્યાં જ એની પાસે બેસી ગઈ.

અંબડે રાજકુમારીને બંગાળ, કલિંક, કૌશલ, આદિ અનેક દેશોની રસિક વાતો સંભળાવી અને પાછીથી મંત્રેલી રાખ એને આપી, જે તેણે મસ્તક પર લગાવી. અંબડ આ પછી ત્યાંથી ચાલી નીકળ્યો. સુરસુંદરી પણ એની પાછળ પાછળ ચાલવા લાગી. સખીઓએ વારવા છતાં તે રોકાઈ નહીં. પછી સખીઓએ રાજા સમક્ષ આવીને સર્વ વૃત્તાન્ત રાજાને જણાવ્યો. રાજાએ અંબડને પકડવા એક વિશાલ સેના રવાના કરી. યોગી અંબડે સમગ્ર લશ્કરને મોહિની વિદ્યા વડે ધનુષ્ય આકારે પોતાની આસપાસ બેસાડી દીધું. આ જાણી

રાજાએ સેનાપતિને રવાના કર્યો સેનાપતિ આવતાં અંબડે યોગીનો વેશ છોડી વિકરાલ રૂપ ધારણ કર્યું અને સેનાપતિનો સામનો કરી ભગાડી મૂક્યો.

આ પછી રાજા જાતે સૈન્ય લઈને અત્રે અંબડ સમીપ આવ્યો. રાજાએ અનેક બાણ માર્યાં પણ વિદ્યાપ્રભાવથી એક પણ બાણ અંબડને લાગ્યું નહીં. રાજા આ જોઈ વિચારમાં પડ્યો. એટલામાં રાજા ચંડીશ્વર અને લશ્કરને અંબડે સ્થંભિત કરી નાંખ્યા. આ સમયે અંબડે ચતુરાઈપૂર્વક રાજાના મુકુટમાંથી વસ્ત્ર કાઢી લીધું. પછી સુરસુંદરીની વિનંતિથી અંબડે સ્થંભન વિદ્યા પાછી ખેંચી રાજા આદિને મુક્ત કર્યા અને પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું.

રાજા ચંડીશ્વરે પોતાની પુત્રી સુરસુંદરીનું લગ્ન અંબડ જોડે કર્યું અને હાથી, ઘોડા, વગેરે ખૂબ ધન આપ્યું.

ત્યાર બાદ અંબડ પોતાના નગર રથનૂપુર પાછો ફર્યો. પછીથી અંબડે ગોરખયોગિની પાસે જઈને મુગટવસ્ત્ર સમર્પિત કર્યું. ગોરખયોગિનીએ એને આશિષ આપી. ત્યાંથી પ્રણામ કરીને અંબડ પોતાના નગરે પાછો ફર્યો. આમ અંબડે સાત આદેશ પૂર્ણ કર્યા.

પોતાના નગરમાં આવી અંબડ પોતાની બત્રીસ રાણીઓ સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો. એના રાજ્યનો પણ વિસ્તાર થયો. અનેક રાજાઓ એની સેવા કરવા લાગ્યા.

મારા પિતા અંબડ ગોરખયોગિનીને ત્રિકાળવંદણા કરવા જતા હતા. યોગિનીએ મારા પિતાને 'વિદ્યાસિદ્ધ' એવું

અભિધાન આપ્યું.' આમ કહી કુરબક થોડું અટક્યો અને પછીથી આગળ કહેવા લાગ્યો :

'હે રાજન, હું જ્યારે આઠ વરસનો હતો તે અરસામાં મારા પિતા એક વખતે ગોરખયોગિની પાસે ગયા હતા. ત્યારે તેણે પોતાની ધ્યાનકુંડલિકાની નીચે દટાયેલો રાજા હરિશ્ચંદ્રનો ધનભંડાર મારા પિતાશ્રીને બતાવ્યો. તે ભંડારનો રક્ષક અગ્નિ-વૈતાલ હતો. ગોરખયોગિનીને કારણે તે મારા પિતાશ્રી પર પ્રસન્ન થયો અને તે સમગ્ર ભંડાર તેઓને અર્પણ કર્યો. મારા પિતાશ્રીએ ગોરખયોગિનીના વચનથી ધરણેન્દ્ર ચૂડામણિએ એમને આપેલું રત્નજડિત સિંહાસન અગ્નિવૈતાલને ભેટ આપી દીધું. પેલો સુવર્ણપુરુષ પણ તે ભંડારમાં મૂકવામાં આવ્યો. હે રાજા, આ બધું મેં મારા પિતાશ્રીના મુખે સાંભળ્યું હતું. આયુષ્ય પૂર્ણ થયાં ગોરખયોગિની સ્વર્ગે ગઈ. આના વિયોગમાં શોકમગ્ન હૃદયે મારા પિતા એમનું જીવન વિતાવવા લાગ્યો.'

એક દિવસ મારા પિતા પોતાની બત્રીસ રાણીઓ સહિત વનભ્રમણ કરવા ગયા. તે વખતે તેમને વનમાં કેશી ગણધર મળ્યા. એમણે તેઓને ધર્મોદેશ આપ્યો. આ પછી મારા પિતાશ્રીએ અનેક પ્રકારે એમની જોડે જૈન ધર્મ અંગે ચર્ચા કરી.

મારા પિતાશ્રીની વિનંતિ માન્ય રાખી કેશી ગણધર એમના ગૃહે પધાર્યા.

કેશી ગણધર પાસેથી દરરોજ જૈન ધર્મ અંગે ધર્મબોધ સાંભળી મારા પિતાને જૈન ધર્મ અંગનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત

થયું. એમણે શ્રાવકોનાં બાર વ્રત ધારણ કર્યાં અને તેઓ શ્રાવક પર્યાયનું પાલન કરવા લાગ્યા.

કેશી ગણધર પાસેથી ભગવાન મહાવીર વિશાલા નગરી પધાર્યા છે એમ જાણી મારા પિતા ત્યાં ગયા. ભગવાન મહાવીરને વંદણા કરી મારા પિતાએ પોતે ક્યારે મુક્ત થશે એમ પૃચ્છા કરતાં ભગવાન મહાવીરે કહ્યું : 'હે અંબડ! તું ભાવિ ઉત્સર્પિણીમાં દેવતીર્થ નામનો બાવીસમો તીર્થંકર થઈશ'. આ સાંભળી મારા પિતાશ્રી પ્રસન્ન થયા.

પછી મહાવીર ભગવાનને વિદાયવેળા વંદણા કરતાં અંબડે પોતે ચંપાનગરી જાય છે એમ જણાવ્યું. એટલે મહાવીર ભગવાને કહ્યું: 'હે અંબડ, તે ચંપાનગરીમાં મારી સાધાર્મિકા સુલસા શ્રાવિકા રહે છે. તેને મારા તરફથી 'ધર્મલાભ' કહેજે.'

આ સાંભળી અંબડે વિચાર્યું : 'જેને સર્વજ્ઞ ભગવાન મહાવીર 'ધર્મલાભ' કહેવડાવે છે તે સુલસા શ્રાવિકા જૈન ધર્મમાં કેવી શ્રદ્ધા રાખનારી હશે! તો હું ત્યાં જઈને એની કસોટી કરીશ'.

ચંપાનગરી આવી અંબડ સુલસાના સમ્યક્ત્વની પરીક્ષા કરવા માટે પૂર્વ દરવાજા પાસે ચતુર્મુખ બ્રહ્માનું રૂપ બનાવી પદ્માસન લગાવી બેસી ગયો. થોડા સમયમાં આ વાત નગરમાં પ્રસરી ગઈ અને અનેક લોકો એનાં દર્શન કરવા આવ્યા. બીજા દિવસે અંબડ દક્ષિણ દિશાના દરવાજે શિવરૂપ કરીને પ્રગટ થયો. આમ સાક્ષાત્ ઈશ્વરને આવેલા જોઈ બધા એને પ્રણામ કરવા આવ્યા પણ સુલસા આવી નહીં. ત્રીજા

દિવસે અંબડ પશ્ચિમ દરવાજે વિષ્ણુરૂપે પ્રગટ થયો. ત્યારે સુલસા સિવાય બધાં લોકો દર્શન કરવા આવ્યાં. અંબડે વિચાર્યું : 'ખરેખર સુલસાને જૈન ધર્મમાં અડગ શ્રદ્ધા છે. એટલે જૈન રૂપ સિવાય તેને ભ્રમમાં પાડી શકાશે નહી" એટલે અંબડ ઉત્તર દિશાના દરવાજે ઇન્દ્રજાળ વિદ્યા વડે ચતુર્મુખ તીર્થંકરનું રૂપ ધારણ કરી પ્રગટ થયો. તે ધર્મોપદેશ આપવા લાગ્યો. વળી તે લોકોને કહેવા લાગ્યો : 'હું પચીસમો તીર્થંકર છું.' આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. કેટલાક લોકોએ સુલસા પાસે જઈને કહ્યું : 'પચીસમા તીર્થંકર પ્રગટ થયા છે. તો તેમનાં દર્શન કરી તારા જીવનને કૃતાર્થ કર.'

પણ સુલસાએ વિચાર્યું : 'જિનવચન અન્યથા ન બને. ચોવીસ તીર્થંકર થવાનું જિનવચન છે, તો પચીસમા તીર્થંકર કેવી રીતે થાય. આ કોઈ પાખંડીએ લોકોને છેતરવા કપટજાળ રચી લાગે છે. આમ વિચારી સુલસા ત્યાં પણ દર્શન કરવા ન ગઈ.

આમ અનેક પ્રકારે સુલસાની ધર્મનિષ્ઠાની કસોટી કરી અંબડ પોતાના મૂળ સ્વરૂપે સુલસા પાસે ગયો. સુલસાએ તેને સાધાર્મિક જાણી સ્વાગત કર્યું. અંબડે કહ્યું : 'સુલસા, તારા સમ્યક્ત્વની પરીક્ષા કરવા માટે મેં વિવિધ પ્રયત્નો કર્યા પણ તું ચલિત થઈ નહીં. ધર્મમાં તારી આવી દઢ શ્રદ્ધા જોઈને હું ખૂબ પ્રભાવિત થયો છું. ભગવાન મહાવીરે તને મારા દ્વારા 'ધર્મલાભ' કહેવડાવ્યો છે. એમણે તારા સમ્યક્ત્વની પ્રશંસા કરી તે સર્વથા યોગ છે.'

આ પછી અંબડ પોતાના નગર રથનૂપુર પાછો આવ્યો. અને શ્રાવક વ્રતોનું પાલન કરતાં પોતાની વિદ્યા વડે જૈન-શાસનનો પ્રભાવ વધાર્યો. વીસ સ્થાનકની આરાધના કરી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું.

કુરબકે આ પછી રાજા વિક્રમસિંહને કહ્યું : 'વૈરાગ્ય'-પરાયણ મારા પિતાજીએ રાજ્યભાર મને સોંપી દીધો. તથા બધુ ધન મને આપી દીધું અને પોતે જિનધર્મની આરાધના કરવા લાગ્યા. પછી આરાધનાપૂર્વક અનશન કરી તે સમાધિપૂર્વક પ્રાણ છોડીને દેવલોક ગયા. તેમની બત્રીસ રાણીઓએ પણ અનશન કરીને પ્રાણ છોડયા. પણ મોહને કારણે મરીને વ્યંતર યોનિમાં ઉત્પન્ન થઈ અને અંતે ધનભંડારમાં રહેલા રત્ન-સિંહાસનમાં પૂતળીઓ બનીને રહી.'

પાપકર્મના ઉદયથી મારું વિશાળ રાજ્ય શત્રુઓએ ઝૂંટવી લીધું. હું નિર્ધન થઈ ગયો છું. જીવનનિર્વાહનું કોઈ સાધન નથી. તેથી મેં ગોરખયોગિનીની ધ્યાનકુંડલિકાની નીચે દટાયેલો ધન-ભંડાર બહાર કાઢવાનો નિશ્ચય કર્યો. અને હું ધ્યાનકુંડલિકા નજીક ગયો ત્યારે વ્યંતરીરૂપ મારી માતા ચંદ્રાવતીએ ત્યાં પ્રગટ થઈને મને કહ્યું : 'હે પુત્ર, અમે બધી રાણીઓ મરીને વ્યંતર યોનિમાં ઉત્પન્ન થઈ છીએ. અને બત્રીસ પૂતળીઓના રૂપમાં તારા પિતાના દિવ્ય રત્નજડિત સિંહાસનની રક્ષા કરીએ છીએ; તું આ ધનભંડાર મેળવવાનું સાહસ કરીશ નહીં. તારા નસીબમાં તે લક્ષ્મી નથી. તેથી તું ઘેર પાછો જા.' એમ કહી મારી માતા અદશ્ય થઈ ગઈ.

મેં આ પછી વિચાર કર્યો કે મારા નસીબમાં જો આ લક્ષ્મી ન હોય તો કોઈ નસીબદાર પુરુષને એ ભંડાર અને સિંહાસન મેળવવા માટે કહું, તેથી હું તમારી પાસે આવ્યો છું. શક્ય છે કે તમારા જેવા નસીબદારની મદદથી મને પણ થોડું ધન મળી જાય.'

રાજા વિક્રમસિંહ કુરબક સાથે ગોરખયોગિનીની ધ્યાન-કુંડલિકા નીચે સુરક્ષિત ધનભંડાર કાઢવા આવ્યા. તે વખતે ત્યાં અવાજ સંભળાયો : 'રાજન, આ ભંડાર મેળવવા આપ પ્રયત્ન કરશો નહીં. આ ભંડાર આપને મળશે નહીં. આ ભંડાર ભોગવનાર ઉજ્જયિનીનો રાજા વિક્રમાદિત્ય થશે. આ દિવ્ય સિંહાસન પણ તેને જ મળશે.

વિક્રમસિંહ આ ગેબી વાણી સાંભળી કુરબક સાથે પોતાના નગર પાછો ફર્યો. રાજા વિક્રમસિંહે પોતાની રાજ-સભામાં કુરબકની નિયુક્તિ કરી, એના જીવન નિર્વાહની વ્યવસ્થા કરી. આખરે કાલક્રમે રાજા વિક્રમસિંહ અને કુરબક મૃત્યુ પામ્યા.

કાલક્રમે ઉજ્જયિની નગરીમાં મહારાજા વિક્રમાદિત્યનો જન્મ થયો. પોતાના પરાક્રમથી એણે અગ્નિવૈતાલને વશ કર્યો. વૈતાલે રાજા વિક્રમને અંબડનું દિવ્ય સિંહાસન, સુવર્ણપુરુષ અને રાજા હરિશ્ચંદ્રનો ભંડાર આપ્યાં. વૈતાલની મદદથી રાજા વિક્રમે આખી પૃથ્વીને ઋણમુક્ત કરી અને પ્રજાનું પુત્રવત્ પાલન કર્યું તથા ધર્મધ્યાનપૂર્વક દેહત્યાગ કરીને સ્વર્ગ મેળવ્યું.

# કથા–મંજૂષા અંગે
# કેટલાક અભિપ્રાયો

સંપાદન ઉચ્ચ કોટિનું છે અને છપાઈ પ્રકાશન વગેરે પણ સુંદર છે. આવું સુંદર સાહિત્ય અને વળી સસ્તી કિંમતે બહાર લાવવા માટે તમો સહુ અને પરામર્શસમિતિ વગેરે સહુને અભિનંદન.

—ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

તમારી પ્રસ્તાવના તેમ જ કથાનો મૂળ પાઠ વાંચી ગયો છું તથા શબ્દકોશ પણ જોયો છે. કામ ખંતપૂર્વક થયું છે અને રસપ્રદ છે. આ રીતે તમારા તથા ભાઈ ધનવંત શાહને હાથે અનેક પ્રાચીન કથાઓનો સમુદ્ધાર થશે અને આધુનિક વાચકો સમક્ષ સુવાચ્ય સ્વરૂપે એ રજૂ થશે. તમારા તથા સમતા પ્રકાશનના આ પ્રયોજનને પૂરી સફળતા ઇચ્છું છું.

—ડૉ. ભોગીલાલ સાંડેસરા

આપણી મધ્યકાલીન કથામંજૂષામાંથી થોડાંક રત્નોને સાફ કરીને ગુજરાતની આમપ્રજાને સંસ્કારભેટ આપવાની તમે તૈયાર કરેલી યોજનાને હું આનંદપૂર્વક સત્કારું છું.

તમારું આ કાર્ય ગૌરવવંતુ બની રહો તેવી શુભેચ્છા પાઠવું છું.

—આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક

'શીલવતી કથા' વાંચી ગયો. તમે સંપાદન કાર્યમાં સારો એવો શ્રમ લીધો જણાય છે. મધ્યકાલીન ગુજરાતીનો અભ્યાસ રસપ્રદ બનાવવામાં અને પુરાતન નૈતિક મૂલ્યો સમજવા-સમજાવવામાં આવી કૃતિઓનો નોંધપાત્ર ફાળો રહેવાનો.

—ડૉ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી

Telex : 011-3105 VASA IN Gram : GIVETRADE

Phone : 267500, 269908, 262732

**Established in 1950**

# Mahendrakumar & Co.

*Marketing House for :*

**Dyes, Chemicals, Solvents**

**Stockists of Calico Chemicals, Plastics & Fibres Division, Bombay for P. V. A. Emulsions & Chlorinated Solvents**

314/315, Himalaya House, 79, Palton Road,
G. P. O. Box No. 1847, BOMBAY-400 001

---

# ARROCOL

ARROCOL-SH : Synthetic Resin Adhesive For Furniture Industries

ARROCOL AC-31 : Rubber Adhesive for Footwear

ARROCOL-4444 : For Sticker Adhesive

ARROCOL-WW : It is Economic Quality for Wood and Furniture Industries

☆ ★ ☆

ARISTO PRODUCT

19/B, 3rd Marine Street
Dhobi Talao, BOMBAY-400 002

# ARVIND M. SHAH

**SAUMIL AGENCIES**

VANDANA ENTERPRISE

Exporters & Importers

Drugs, Chemicals, Yarn, Rubber Goods, Frames, Electrodes etc.

7/10, Horniman Circle, Botawalla Bldg.
3rd Floor, BOMBAY-400 023

Gram : SAGIES Phone : 291363-295167

: RESIDENCE :

Simla House, E-Flat No. 606, Napeansea Road,
BOMBAY-400 006
Phone : 814293-819869

# AUTOMAT INDUSTRIES

Processors & Fabricators of :
P. T. F. E. "TEFLON" "FLUON" ITEMS

Bombay Office : 14, Kolsa X Lane
23, Shirin Mension Pydhony
BOMBAY-400 002
Phone : 321171/327604

62, Adarsh Industrial Estate
Near Chakudia Mahadev, Rakhial,
AHMEDABAD-380 023
Phone : 361754/369067

# Plasticoat Corporation

7-10, Botawala Building, 3rd Floor, Horniman Circle,
BOMBAY-400 023 * Phone : 290045/290641

: FACTORY :

70, Tungway Road, B. D. Joshi Building Pawai,
BOMBAY-400 072 Phone : 582204

- Specialisson Problems of Corrosion
- Corrosion Resistant Coating & Lining Based on Synthetic Resins
- Acid Proofing Tile Lining
- Chemical Resistant Cements and P.V.C. Compounds & Plastisols
- Latest Technique of Coating on Ferrous & Non-ferrous Metals by Microfind Plastic Powder Such as Epoxy Polyester etc. by Electrostatic Spray Method.
- Intemal Coatings of Drums, Barrels and Tanks etc.

---

## BHAVIN CHEMICALS

Suppliers of Chemicals & Commission Agents

Phone : 338264
334711

# SURESH INDUSTRIAL CHEMICALS

Importers & Dealers of :
Solvents, Intermediates, Heavy & Fine Chemicals
Gram : SURESHCHEM

405, Sahakar Bhavan, 340/48, Narshi Natha Street
(Katha Bazar)
BOMBAY-400 009.

# M.Vadilal could turn your quality products in to beautiful bestseller




**M. Vadilal are printers and packagers of the highest repute. That's because M. Vadilal have never compromised on quality. Not for 60 years of their existance.**

**Which is why leading textile mills, pharmaceutical and chemical works, dairies and breweries. confectionaries and cosmetics manufacturers come to M. Vadilal. To turn their products into beautiful bestsellers!**

**M. Vadilal**
**for 60 years, printers and packagers of uncompromising quality**

# SEVA ENTERPRISES

**AGENTS FOR V/O MEDEXPORT**
(U. S. S. R.)

Haroon House, 2nd Floor
( Behind Reserve Bank )
294, P. Nariman Street
BOMBAY-400 001

**SEVANTILAL S. M. SHAH**

Office : 250568-250843
Resi : 817970-819019
Gram : SIDHSEVA

M. Vadilal